" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-293 | AD-2026, Ashadh Sud -15 | Wednesday, Dt. 29-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### સુરક્ષા દળોના ગોળીબાર બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ, ઈન્ટરનેટ સેવાઓ બંધ

# PoKના રાવલકોટમાં વિરોધ પ્રદર્શન બાદ હિંસા, ૧૯ના મોત

ઈસ્લામાબાદ,તા.૨૮

પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીર (PoK)ના રાવલકોટ વિસ્તારમાં સ્થિતિ અત્યંત તંગ બની ગઈ છે. સ્થાનિક લોકો દ્વારા લાંબા સમયથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કથિત ગોળીબાર કરવામાં આવ્યો હોવાના દાવા બાદ સમગ્ર વિસ્તારમાં હિંસા ફાટી નીકળી છે. ઘટનાના પગલે અનેક વિસ્તારોમાં તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું છે અને સાવચેતીના ભાગરૂપે ઈન્ટરનેટ સેવાઓ પણ સ્થગિત કરવામાં આવી હોવાનું સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે. માહિતી અનુસાર, સ્થાનિક લોકો પોતાની વિવિધ માંગણીઓને લઈને મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC)ના દાવા મુજબ સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા હોવાનું જણાવાયું છે. જોકે કેટલાક અન્ય અહેવાલોમાં મૃત્યુઆંક વધુ હોવાની પણ ચર્ચા કરવામાં આવી રહી છે. મૃતકોમાં ઉસ્માન નઝીર, કાશિફ, મોહમ્મદ ઈબ્રાહિમ, અરસલ અસગર, હનીફ મોહમ્મદ બશીર, વસીમ અફઝલ, બાબિત શાહ અને સાબિર ખાનના નામ જાહેર કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.



રાવલકોટ સહિત PoKના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વિરોધ પ્રદર્શન સતત ચાલી રહ્યા છે. જૂન મહિનાથી શરૂ થયેલા આંદોલનમાં સ્થાનિક લોકો ધરણાં, રેલીઓ અને જાહેર સભાઓ યોજી રહ્યા છે. અનેક સ્થળોએ દુકાનો, બજારો અને જાહેર પરિવહન પણ બંધ રાખવામાં આવ્યા છે. જેના કારણે સામાન્ય જનજીવન પર પણ વ્યાપક અસર જોવા મળી રહી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન અનેક વખત પોલીસ અને અર્ધસૈનિક દળો સાથે અથડામણ સર્જાતા પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે. સ્થાનિક સંગઠનોનું કહેવું છે કે તેઓ લાંબા સમયથી રાજકીય અને આર્થિક મુદ્દાઓને લઈને સરકાર સામે અવાજ ઉઠાવી રહ્યા છે. તેમની મુખ્ય માંગણીઓમાં સ્થાનિક વિધાનસભાની ૧૨ અનામત બેઠકોની વ્યવસ્થા રદ કરવી, સ્થાનિક લોકોને વધુ રાજકીય પ્રતિનિધિત્વ આપવું, ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોને તાત્કાલિક મુક્ત કરવા તેમજ વીજળીના દરોમાં ઘટાડો અને સારી શાસન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો સમાવેશ થાય છે. પ્રદર્શનકારીઓનું માનવું છે કે તેમની માંગણીઓ લાંબા સમયથી અવગણવામાં આવી રહી છે.હિંસાની ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે. અનેક વિસ્તારોમાં સુરક્ષા દળોની વધારાની તૈનાતી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ઈન્ટરનેટ સેવાઓ બંધ થતાં માહિતીના આદાન-પ્રદાન પર પણ અસર પડી છે. હાલ સમગ્ર વિસ્તારમાં સ્થિતિ તંગ પરંતુ નિયંત્રણમાં લાવવાના પ્રયાસો ચાલુ હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે મૃત્યુઆંક અને ઘટનાક્રમ અંગેના દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી અને વિવિધ પક્ષો તરફથી અલગ-અલગ માહિતી સામે આવી રહી છે.

# નીટ પેપર લીક અંગે પીએમ મોદીનો વીડિયો ફેસબુકે હટાવ્યા બાદ વિવાદ થતાં માફી માગી

નવી દિલ્હી, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નીટ (NEET) પેપર લીકની ઘટના પર દેશના વિદ્યાર્થીઓ અને યુવાનોને સંબોધિત કરતો એક સેલ્ફી વીડિયો સોશિયલ મીડિયા પર મુક્યો હતો. આ વીડિયો ખૂબ જ વાયરલ થયો હતો અને ૨૪ કલાકમાં રેકોર્ડ વ્યુઝ મેળવ્યા હતા. જોકે, ફેસબુકની માલિકી ધરાવતી મેટા (META) કંપનીએ આ વીડિયો પ્લેટફોર્મ પરથી હટાવી દીધો હતો.



આ ઘટનાની જાણ થતાં જ લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને મોટો હોબાળો મચ્યો હતો. સમગ્ર મામલે મેટા કંપનીના પ્રવક્તાએ નિવેદન જારી કરીને ભૂલથી વીડિયો દૂર થયો હોવાનું સ્વીકાર્યું હતું અને માફી માગીને વીડિયો પુનઃસ્થાપિત કર્યો હતો.

બીજી તરફ, ભારત સરકારે પણ આ બાબતને ખૂબ ગંભીરતાથી લીધી છે અને તપાસ શરૂ કરીને મેટાના અધિકારીઓ પાસે સ્પષ્ટતા માંગી છે. વીડિયોમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે પેપર લીક બહુ પીડાદાયક બાબત છે. દોષિતો જેલમાં છે અને વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ઝડપથી પરીક્ષા યોજી પરિણામ પણ જાહેર કરાયું છે. આ ઉપરાંત પેપર લીક રોકવા માટે સંસદમાં કડક કાયદાનું બિલ પણ રજૂ કરાયું છે.

# મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારનો આદેશ રદ કર્યો, કરુર ભાગદોડના પીડિતોને 'અનુકંપા નિમણૂંક' નહીં

ચેન્નઈ,તા.૨૮

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે કરુર ભાગદોડની ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારોને'અનુકંપાના આધારે સરકારી નોકરી' આપવાના તમિલનાડુ સરકારના નિર્ણયને રદ કરી દીધો છે. જસ્ટિસ સી.વી. કાર્તિકેયન અને આર. શક્તિવેલની બેન્ચે ચુકાદો આપતા જણાવ્યું કે આ પ્રકારની નિમણૂકો બંધારણની કલમ ૧૪ અને ૧૬ નો અનાદર કરે છે.



કોર્ટે સ્પષ્ટ કર્યું કે સરકારી વિભાગોમાં પહેલેથી જ ઘણા લોકો અનુકંપા નિમણૂકની રાહ જોઈ રહ્યા છે. તેમની જરૂરિયાતોને બાજુ પર રાખીને આ કેસમાં નોકરીઓ આપવી યોગ્ય નથી. કોર્ટે ફટાકડા કે મોટર વાહન અકસ્માતોના ઉદાહરણ આપતા કહ્યું કે આવા કેસોમાં માત્ર આર્થિક વળતર આપવામાં આવે છે, નોકરી નહીં. જો આ રીતે નોકરી આપવાની મંજૂરી આપીએ તો આવી માંગણીઓનો મોટો પ્રવાહ શરૂ થઈ જશે. ઉલ્લેખનીય છે કે કરુરમાં ટીવીકે (TVK) પાર્ટીની રેલી દરમિયાન થયેલી ભાગદોડમાં ૪૧ લોકોના મોત થયા હતા અને ૬૦થી વધુ ઘાયલ થયા હતા. મુખ્યમંત્રીએ પીડિત પરિવારોને સરકારી નોકરી આપવાનું વચન આપ્યું હતું. સૂત્રો મુજબ, તમિલનાડુ સરકાર હવે હાઈકોર્ટના આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે.

### નીટ વિરોધ પ્રદર્શનમાં અટકાયતમાં લેવાયેલા વિદ્યાર્થીઓને

# તાત્કાલિક મુક્ત કરવા સુપ્રીમ કોર્ટનો પોલીસને આદેશ

**હિંસામાં ૨૫૦થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ**

નવી દિલ્હી,તા.૨૮

નીટ પેપર લીક વિરુધ્ધ દેશભરમાં થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અને પોલીસ કાર્યવાહી અંગે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય આપ્યો છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે જે



વિદ્યાર્થીઓ સામે કોઈ ગંભીર ગુનાહિત આરોપો નથી અને માત્ર અટકાયત કરાઈ છે, તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે.

ચીફ જસ્ટિસે દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે તેમજ તમામ સીસીટીવી ફૂટેજ સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર પેલેટ ગન, ઈલેક્ટ્રિક લાકડીઓ અને અતિશય બળનો ઉપયોગ થયો હોવાના આરોપો છે. ચીફ જસ્ટિસે સ્પષ્ટ કર્યું કે નિર્દોષ લોકો પર અત્યાચાર કરનારાઓ સામે કાયદાકીય કાર્યવાહી થશે અને આ સમગ્ર મામલે સ્વતંત્ર અને પારદર્શક તપાસ જરૂરી છે.

બીજી તરફ, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે હિંસામાં ૨૫૦થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે. આ હિંસા વિદ્યાર્થીઓએ નહીં પરંતુ કેટલાક અસામાજિક તત્વોએ કરી હોવાની શક્યતા છે. કાયદાકીય પક્ષોની રજૂઆતો બાદ કોર્ટે તમામ પુરાવા સાચવી રાખવા જણાવ્યું છે.

# ભારત-નેપાળ સરહદ નજીક બોલબમ યાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે હિંસા, ગોળીબારમાં બે લોકોના મોત


**ગોળીબાર બાદ સમગ્ર વિસ્તારમાં કરફ્યુ**

નેપાળ,તા.૨૮

નેપાળના સુનસારી જિલ્લામાં બોલબમ યાત્રા દરમિયાન ડીજે વગાડવા બાબતે બે સમુદાયો વચ્ચે ભારે હિંસક અથડામણ થઈ હતી. સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે કરેલા ગોળીબાર અને હિંસામાં ૨ લોકોના મોત થયા છે, જ્યારે આઠ પોલીસકર્મીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા છે. બનાવ બાદ ગુસ્સે ભરાયેલા લોકોએ વાહનો અને દુકાનોમાં આગચંપી કરી હતી, જેથી સમગ્ર વિસ્તારમાં કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે.










સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
02
બુધવાર, તા.૨૯-૦૭-૨૦૨૬

ધાબામાં ગેસ લીકેજથી આગ લાગતા

## રાજુલા નજીક ધાબા સંચાલક સહિત ૬ લોકો ગંભીર રીતે દાઝયા

રાજુલા,તા.૨૮

રાજુલા નજીક હિંડોરણા ચોકડી પાસે આવેલા સતનામ પંજાબી ધાબામાં રસોઈ બનાવતી વખતે ગેસ સિલિન્ડરમાંથી લીકેજ થતાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધાબા પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનામાં ધાબાના સંચાલક કરમસિંહ ગુરુદેવસિંહ સહિત કમલજીતસિંહ, બહાદુરસિંહ, આનંદસિંહ, શામુભાઈ અને દેતલબેન નાથાભાઈ ગંભીર રીતે દાઝ્યા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી અને તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે


તસવીર : ગોપાલ રાઠોડ

નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આગ લાગવાના કારણે ધાબામાં નુકસાન પણ થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્ર અને પોલીસ સ્થળ

**હિંડોરણા ચોકડી પાસે રસોઈ દરમિયાન સર્જાઇ દુર્ઘટના, તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડાયા**

પર પહોંચી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં ગેસ સિલિન્ડરમાંથી લીકેજ થવાના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

## અમરેલીની એસ.એમ. વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં કારગિલ વિજય દિવસની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૨૮

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આવેલ એસ. એમ. વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ હાયર સેકન્ડરી સ્કૂલમાં કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વર્ગખંડના



બોર્ડ પર કારગિલ વિજય દિવસને અનુલક્ષીને સુંદર ચિત્રો દોર્યા હતાં તથા કારગિલ યુધ્ધ અને ભારતીય સેનાના શૌર્ય વિશે માહિતી મેળવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને શહીદો પ્રત્યે સન્માનની ભાવના વિકસાવવાનો હતો.

## રાજુલાના કોટડીમાં સસલાના શિકારનો પ્રયાસ કરનારા બે શખ્સો સામે વન વિભાગની કાર્યવાહી

રાજુલા,તા.૨૮

રાજુલા વન્યજીવ રેન્જ હેઠળના કોટડી ગામના કાળુકી વિસ્તારમાં સસલાનો ગેરકાયદેસર શિકાર કરવાનો પ્રયાસ કરનાર બે શખ્સો સામે વન વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. કોટડી ગામના રેવન્યુ વિસ્તારમાં આરોપીઓએ સસલાને પકડવા માટે બે મેવટા (જાળ) બાંધી શિકારની તૈયારી કરી હતી. સસલાને જાળ તરફ દોડાવી તેને મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની માહિતી વન વિભાગને મળતાં તાત્કાલિક ટીમ સ્થળ પર પહોંચી હતી.



આર.એફ.ઓ. ડી.કે. મકવાણાના માર્ગદર્શન હેઠળ રાજુલા રાઉન્ડના રાજુલા બીટ-૨ના વનકર્મીઓએ સ્થળની તપાસ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. વન્યજીવોના ગેરકાયદેસર શિકાર સામે વિભાગે કડક વલણ અપનાવ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. વન વિભાગ દ્વારા એડવાન્સ રિકવરી પેટે કુલ રૂ. ૫૦,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ત્યારબાદ બંને આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

## અમરેલીની ડો. કલામ સ્કૂલના વિદ્યાર્થીઓએ અન્ય વિદ્યાર્થીઓને ટેકનોલોજીલક્ષી તાલીમ આપી

અમરેલી,તા.૨૮

અમરેલીની ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલના માત્ર નવ વિદ્યાર્થી ટ્રેનરોએ બે મહિનાથી પણ ઓછા સમયમાં અમરેલી જિલ્લાની ૧૦૨ સરકારી શાળાઓના કુલ ૨૧,૨૧૫ વિદ્યાર્થીઓને રોબોટિક્સ, ઈલેક્ટ્રોનિક્સ, વર્ચ્યુઅલ રિયાલિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સ્ટેમ આધારિત આધુનિક ટેકનોલોજીની સંપૂર્ણ પ્રાયોગિક તાલીમ આપી "વિદ્યાર્થીઓ જ



વિદ્યાર્થીઓના માર્ગદર્શક" મોડેલને સફળ બનાવ્યું છે. આ 'ટેકનોરથ' જે એક મોબાઈલ ટેક્નોલોજી લેબ તરીકે ગામડે-ગામડે અને શાળાએ-શાળાએ પહોંચી હતી, જ્યાં વિદ્યાર્થીઓએ રોબોટિક્સ, સેન્સર આધારિત પ્રયોગો, ઈલેક્ટ્રોનિક્સ સર્કિટ્સ, થ્રીડી પેન, એ.આઈ આધારિત પ્રવૃત્તિઓ, દ્વારા હજારો વિદ્યાર્થીઓને જાતે કરીને શીખવાનો અનોખો અનુભવ કરાવ્યો હતો. આ વિદ્યાર્થી ટ્રેનરોમાં જશ સાવલિયા, પ્રજ દેસાઈ, જીલ રાખોલિયા, રુદ્ર પરવડિયા, કેયુર શકોરિયા, સત્યમ સુરાણી, વેદ હિરાણી, પ્રિન્સ ગોંડલિયા અને જીલ ગુમાસાણાનો સમાવેશ થાય છે.

## રાજુલા પાલિકાના સફાઈ મુદ્દે ટીકુ વરૂના ભાજપ પર આક્ષેપ

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ રાજુલા નગરપાલિકાની ભાજપ શાસિત બોડી પર વિકાસના મુદ્દે આકરા આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું કે શહેરમાં ગંદકી, ખુલ્લી ગટર, તૂટેલા રસ્તા અને ગંદા પીવાના પાણી જેવી સમસ્યાઓથી લોકો પરેશાન છે. વેપારીઓને વરસાદી પાણી અને ગટરના કારણે નુકસાન થઈ રહ્યું હોવા છતાં કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. વિકાસના કામોમાં પારદર્શિતાના અભાવ અને કરાર પ્રક્રિયા અંગે પણ તેમણે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

## ખાંભામાં રૂ. ૨૦૦ના વિવાદમાં યુવક પર પથ્થર વડે હુમલો

ખાંભા, તા. ૨૮

ખાંભા ગામે બાઈક અથડાવવાની નજીવી બાબતે થયેલા ઝઘડામાં એક વ્યક્તિ પર પથ્થર વડે હુમલો કરવામાં આવ્યો હતો, તેમજ તેમની મોટરસાયકલમાં તોડફોડ કરવામાં આવી હતી. આ અંગે દિલીપભાઈ કાળુભાઈ રાઠોડ (ઉ.વ. ૩૫)એ હરદેવભાઈ યોગેશગીરી ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તેઓ પોતાની મોટરસાયકલ લઈને ખાંભા ગામે જનકભાઈની દુકાને માવો લેવા માટે ગયા હતા. આ દરમિયાન તેમની મોટરસાયકલ નીચે પડી જતાં તે સામે ઉભેલી આરોપીની મોટરસાયકલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં આરોપીની બાઈકનો આગળનો મોરો તૂટી ગયો હતો, જેથી આરોપીએ નુકસાની પેટે તાત્કાલિક ૨૦૦ રૂપિયાની માંગણી કરી હતી. તેમણે 'અત્યારે જવા દો, કાલે આપી દઈશ' તેમ કહેતા જ આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી ગાલ પર એક-બે ઝાપટ મારી દીધી હતી.અને ઝાપટ માર્યા બાદ આરોપીએ નજીકમાં પડેલો સિમેન્ટનો બ્લોક ઉપાડીને માથામાં મારી દેતાં તેમને ઈજા પહોંચી હતી. આટલેથી ન અટકતાં, આરોપીએ એ જ બ્લોક વડે તેમની મોટરસાયકલની ટાંકી તેમજ આગળના ભાગે ઘા મારીને આશરે ૧૫૦૦ રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું.

## મોટા સમઢીયાળા ગામે યુવકને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી

ખાંભા, તા. ૨૮

ખાંભાના મોટા સમઢીયાળા ગામે રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા યુવકને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે તોસીકભાઈ રહીમભાઈ રાઠોડ (ઉ.વ.૩૨)એ તુષારભાઈ કેસરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના મોબાઈલ પર આરોપીએ ફોન કરી ટાંટિયા ભાંગવાની તેમજ માર મારવાની ગર્ભિત ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.










### -:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.૨૫૮/૨૦૨૬
જન્મ તારીખ :૧૬/૦૬/૨૦૦૨

રાઠોડ નોંઘણભાઈ ભગવાનભાઈ,
રહે. દુદાણા, ગામ-દુદાણા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત વેલણ દુદાણા, તાલુકો.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....**સામાવાળા**

**બાબતઃ- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાઠોડ નોંઘણભાઈ ભગવાનભાઈ, રહે.દુદાણા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રાઠોડ નોંઘણભાઈ ભગવાનભાઈ તથા મંજુબેન રૂપસિંહભાઈ ચૌહાણ ના પુત્ર રાઠોડ હર્ષવર્ધન નોંઘણભાઈનો જન્મ તારીખ ૧૬/૦૬/૨૦૦૨ના રોજ કોડીનાર તાલુકાના દુદાણા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આ રોજ તા.૨૨/૦૭/૨૦૨૬ના રોજ કોર્ટના સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### જાહેર નોટીસ

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૨૨૨/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૮૮

મનુભાઈ રામજીભાઈ પરમાર,
રહે.૩૧૫ સરદાર પટેલ સોસાયટી ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર
વકીલશ્રી, એમ.એ.બારૈયા ઉના

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, એલમપુર, ગ્રામ પંચાયત કચેરી, એલમપુર, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મનુભાઈ રામજીભાઈ પરમાર રહે.૩૧૫ સરદાર પટેલ સોસાયટી ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર પ્રકાશ મનુભાઈ પરમારનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૮ ના રોજ ઉના તાલુકાના એલમપુર મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૭/૦૭/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

### જાહેર નોટીસ

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.: ૨૨૦/૨૦૨૬
જન્મ તારીખઃ ૦૨-૧૧-૨૦૨૦

શિયાળ ચંદુભાઈ ભાણાભાઈ,
રહે. ખત્રીવાડા, ગામ-ખત્રીવાડા, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એમ. કાતીરા ઉના ...........અરજદાર

**-: વિરુધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, સનખડા, ગ્રામ પંચાયત કચેરી, સનખડા, તા. ઉના, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શિયાળ ચંદુભાઈ ભાણાભાઈ, રહે. ખત્રીવાડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર અનિરૂધ્ધ ચંદુભાઈ શિયાળનો જન્મ તારીખઃ ૦૨-૧૧-૨૦૨૦ ના રોજ ઉના તાલુકાના સનખડા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૭/૦૭/૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૮૭/૨૦૨૬

શ્રી હિમતભાઈ ભીખાભાઈ રામાણી
રહે. સલડી તા. લીલીયા જિ. અમરેલી
.........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત - વ - તલાટી કમ મંત્રીશ્રી - સલડી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હિમતભાઈ ભીખાભાઈ રામાણીના પુત્ર સંજયભાઈ હિમતભાઈ રામાણીનો જન્મ તા. ૧૬/૦૪/૧૯૮૫ ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો..

આજ રોજ તા. ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

તાલુકા પંચાયત પ્રમુખ અને આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવતા

# બગસરા સરકારી દવાખાનામાં દર્દીના હસ્તે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ

**ભાજપ હોદ્દેદારોની લોકાર્પણ કરવાની મનની મનમાં રહી ગઈ**

બગસરા, તા.૨૮

બગસરા સરકારી દવાખાનામાં મંગળવારના રોજ ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.


તસવીર : મયુર પંડ્યા

લોકાર્પણ થાય તે પૂર્વે તાલુકા પંચાયતના પ્રમુખ અને આપ દ્વારા સંગઠનના હોદ્દેદારોના બદલે રાજય સરકારના પ્રતિનિધી,ડોકટર કે દર્દીના હસ્તે જ લોકાર્પણ કરવામાં આવે તે માટે ઉગ્ર વિરોધ નોંધાવતા આખરે ડાયાલીસીસ સેન્ટરનું દર્દીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ અંગે તાલુકા પંચાયતના પ્રમુખ રમેશ સતાસીયાએ જણાવ્યું હતું કે, ડાયાલીસીસ મશીન રાજય સરકાર તરફથી આપવામાં આવ્યુ છે.જેથી રાજય સરકારના પ્રતિનિધી અથના જનપ્રતિનિધીના હસ્તે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવુ જોઈએ. જો કે તેમણે રાજય સરકારે આ સુવિધા આપવા બદલ આભાર માન્યો હતો. ભારે વિરોધ બાદ જિલ્લા ભાજપ પ્રમુખના બદલે દર્દીના હસ્તે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. લોકાર્પણ પ્રસંગે આવેલા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા ડાયાલીસીસ બગસરામાં શરૂ કરવામાં આવ્યું છે. આ સેવાનો લાભ દર્દીઓને મળે તે જરૂરી છે.હવેથી જે દર્દીઓને બિમારી લાગુ પડી છે તેવા દર્દીઓને હવે બહારગામ જવાની જરૂર પડશે નહી.આમ, બગસરા સરકારી દવાખાનામાં ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ થતા બહારગામ જતા દર્દીઓ માટે જ શહેરમાં જ સુવિધા મળતા દર્દીઓને પણ હાશકારો થયો છે. આ કાર્યક્રમમાં રાજકિય,સહકારી, સામાજિક સંસ્થાઓના આગેવાનો અને જનપ્રતિનિધીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

### ડાયાલીસીસ મશીનો જુના આવ્યા હોવાની ચર્ચા

બગસરા સરકારી દવાખાનામાં આવેલા ડાયાલીસીસ મશીન જુના આવ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. અન્ય સરકારી દવાખાનાના ડાયાલીસીસ મશીનો બગસરાને ધાબડી દેવામાં આવ્યા છે.જો કે સરકારી દવાખાનામાં બે મશીનો ફાળવવામાં આવ્યા હોવાથી દિવસ દરમિયાન માત્ર ચાર દર્દીઓને લાભ મળી શકે તેવી શક્યતા છે.

### જનપ્રતિનિધીઓને આમંત્રણ ન આપ્યા હોવાના આક્ષેપ

બગસરા સરકારી દવાખાનામાં ડાયાલીસીસના લોકાર્પણ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ સહિત આમ આદમી પાર્ટી સહિતના આગેવાનો અને રોગી કલ્યાણ સમિતિના સભ્યને આમંત્રણ ન આપવામાં આવ્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જો કે આ બાબતે ડોકટરોએ તમામ લોકોને આ કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં આવ્યુ હોવાનુ જણાવ્યુ હતું.

### વધુ ડોકટરોની નિમણૂંક કરવા માંગ કરાઈ

બગસરા સરકારી દવાખાનામાં મહત્વના અનેક ડોકટરોની જગ્યા ખાલી છે જેમાં ખાસ કરીને ઓર્થોપેડિક, એમડી, એમએસ સહિતના ડોકટરોની જગ્યા ખાલી હોવાથી દર્દીઓને સારવાર અર્થે ખાનગી દવાખાના કે અન્ય શહેરોમાં સારવાર માટે જવુ પડે છે આ બાબતે વધુમાં વધુ ડોકટરોની નિમણૂંક થાય તે માટે જિલ્લા ભાજપ પ્રમુખ સમક્ષ સહકારી આગેવાન રશ્મિનભાઈ ડોડીયાએ શહેર વતી રજૂઆત કરી હતી.

# ધારીમાં યુવકને કુહાડીનો ઘા ઝીંક્યો

ધારી, તા.૨૮


ધારીના સુખપુર રોડે દલખાણીયા ગામના યુવકને કુહાડીનો ઘા ઝીંકીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે યુવકે તેના જ ગામના ૭ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગે સુરેશભાઈ દલસુખભાઈ ચારોલા (ઉ.વ.૨૮) એ ભીમજીભાઈ મેરામભાઈ ગમારા, અમિતભાઈ ભીમજીભાઈ ગમારા, ઉદયભાઈ ભીમજીભાઈ ગમારા, કાથડભાઈ મેરામભાઈ ગમારા, દર્શનભાઈ જીકાભાઈ ગમારા તથા આણંદભાઈ કાથડભાઈ ગમારા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ઘોડા ચરાવવા માટે સુખપુર રોડે જતા હતા ત્યારે ભીમજીભાઈ ગમારાએ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેઓ સુખપુર રોડેથી ૬૬ કે.વી.ની આગળ પહોંચ્યા ત્યારે અમિતભાઈ ગમારાએ તેમને ચાલુ ગાડીએ કુહાડીનો ઘા માર્યો હતો. જેથી તેઓ છટકી જતા બીજો ઘા મારવા જતા દેવાભાઈ નનકાભાઈ ગમારાએ કુહાડી પકડી લીધી હતી. ત્યારબાદ આરોપીઓએ કુહાડીનો મૂંઢ ઘા પગમાં અને હાથમાં માર્યો હતો. તેમજ સેન્ટિંગના સળિયાથી પગમાં, લોખંડના પાઈપથી પગની પીંડીમાં તથા ખરપિયાથી પગમાં અને હાથમાં ઘા માર્યો હતો. તમામ આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી મૂંઢ ઈજા કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના જય ભુવાની ગૂગલ સ્ટુડન્ટ એમ્બેસેડર તરીકે પસંદગી

**એલ.જે. યુનિવર્સિટીના વિદ્યાર્થી કેમ્પસમાં ગૂગલ જેમિની અને એઆઈ અંગે જાગૃતિ ફેલાવશે**

બગસરા,તા.૨૮

બગસરા શહેરના ૬૦ ફૂટ રોડ વિસ્તારમાં રહેતા વિપુલભાઈ ભુવાના પુત્ર અને અમદાવાદની એલ.જે. યુનિવર્સિટીમાં બી.ટેક. (કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ)નો અભ્યાસ કરતા જય ભુવાની ગૂગલ સ્ટુડન્ટ એમ્બેસેડર પ્રોગ્રામ–૨૦૨૬ માટે પસંદગી થઈ છે. દેશભરના વિદ્યાર્થીઓમાંથી યોજાયેલી સ્ક્રીનિંગ અને વીડિયો રાઉન્ડ



સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તેમની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ તેઓ પોતાના કેમ્પસમાં ગૂગલ જેમિની અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે ટેક્નિકલ વર્કશોપ, માર્ગદર્શન સત્રો અને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરશે. જયે આ સિધ્ધિનો શ્રેય પોતાના માતા-પિતા, મોટા ભાઈ, શિક્ષકો અને મિત્રોના માર્ગદર્શનને આપ્યો હતો.

# દામનગરમાં વાહનચાલકોને માર્ગ અકસ્માતનો ભય

દામનગર,તા.૨૮

દામનગર નગરપાલિકા વિસ્તારમાં આવેલા મુખ્ય માર્ગના ડિવાઈડરમાં ઉગેલા વૃક્ષોની ડાળીઓ ખૂબ જ પહોળી થઈ જતાં વાહનચાલકો માટે મોટી અડચણ ઊભી થઈ રહી છે. રસ્તાની બંને બાજુ બહાર આવી ગયેલી આ ડાળીઓને કારણે દ્રશ્યતા ઘટી જતાં અકસ્માત સર્જાવાની ભીતિ




સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલાં જ સ્થાનિક નગરપાલિકાના સત્તાધીશો તાત્કાલિક ધોરણે આ નડતરરૂપ ડાળીઓનું યોગ્ય કટીંગ કરાવે તેવી તંત્ર પાસે લોકમાગણી ઉઠી છે.

# પુત્ર સાથે કામકાજ બાબતે બોલાચાલી બાદ પિતાએ ઝેરી દવા ગટગટાવી

**સાવરકુંડલા ટાઉનમાં ઘટના બની**

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલા ટાઉનમાં પિતાએ પુત્ર સાથે બોલાચાલી બાદ મનમાં લાગી આવતાં ઝેરી દવા પીધી હતી. આ અંગે જુમાભાઈ હાજીભાઈ જાખરા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો કામે જતો નહોતો, જેથી તેની સાથે બોલાચાલી થઈ હતી. એ બાબત મન પર લેતાં તેમણે શાકભાજીમાં છાંટવાની જંતુનાશક ઝેરી દવા પી લીધી હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે. જી. ગંગલ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી કેફીપીણું પીધેલી હાલતમાં ફરતા ૨૨ ઝડપાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં ખડાધાર ચેક પોસ્ટ પરથી ૫ સહિત વિવિધ સ્થળેથી કેફીપીણું પીધેલી હાલતમાં ફરતા ૨૨ ઈસમો ઝડપાયા હતા. કરજાળા ગામેથી ૧ લીટર, થોરડી ગામેથી ૫ લીટર તથા ધુંધવાણા ગામેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. રાજુલા, જાફરાબાદ, ડુંગરથી એક-એક ઈસમ કેફીપીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતા મળી આવ્યા હતા.

# અમરેલી ખાતે જાગરણ પ્રસંગે ભવ્ય રાસ ગરબા અને પારંપારીક વેશભૂષા સ્પર્ધા યોજાશે

અમરેલી,તા.૨૮

વિશ્વ હિન્દુ પરિષદ દુર્ગા વાહિની અમરેલી નગર દ્વારા જયા પાર્વતી વ્રતના જાગરણ નિમિતે ભવ્ય રાસ ગરબા અને પારંપારીક વેશભૂષા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ અતિ ભવ્ય કાર્યક્રમ આવનારી તા.૩૧.૦૭.૨૦૨૬ ને શુક્રવારના રોજ વિધા સભા ગ્રાઉન્ડ ડોમ લાઠી રોડ અમરેલી ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં મણિયારો,ટીમલી, હુડો, પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા, શોર્ય રાસ, તાલીરાસ તેમજ પારંપારીક વેશભૂષા સ્પર્ધાનું વિશેષ આયોજન કરેલ છે. આ સ્પર્ધા ફક્ત બહેનો માટે જ રાખવામાં આવેલ છે. સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે દુર્ગા વાહિની અમરેલી નગરના સયોજિકા ગોપીબેન ચાવડા મો.૯૦૯૯૦૬૧૧૯૮ તેમજ સહ સયોજીકા હીરલબા વાળા મો.૮૧૪૦૭૭૩૨૮૫ નો તુરંત સંપર્ક કરવો.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ હંસાબેન મનસુખભાઈ કુકડીયાનું તા.૨૬-૦૭-૨૦૨૬ને રવિવારે દુઃખદ અવસાન થયેલું છે સ્વ.નું બેસણું તા.૩૦-૦૭-૨૦૨૬ ગુરુવાર સ્થળ: અંવતીબાઈ લોધી કોમ્યુનીટી હોલ, ભક્તીનગર, રાજકોટ સમય સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

# લીલિયાની સરકારી વિનયન કોલેજમાં ‘સ્કોપ’ ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા.૨૮

લીલીયાની સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં ગુજરાત સરકારની SCOPE (Society fro Creation of Opprotunity through Proficiency in English) યોજના અંતર્ગત વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યે પ્રાવિણ્ય વિકસે, સંવાદ કૌશલ્યમાં વધારો થાય તથા ઉચ્ચ શિક્ષણ અને રોજગારની તકો માટે તેઓ વધુ સક્ષમ બને તે હેતુથી ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન



કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સરકારી કોલેજ, બાબરાના આચાર્ય ડૉ. મેહુલ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સ્કોપ કો-કોર્ડિનેટર ડૉ. શબ્બીરભાઈ પરમાર દ્વારા SCOPE યોજનાના હેતુઓ, નોંધણી પ્રક્રિયા, તાલીમ, પરીક્ષા, પ્રમાણપત્ર તથા વિદ્યાર્થીઓને મળતા વિવિધ લાભોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ એ વિદ્યાર્થીઓને સતત જ્ઞાનવર્ધન અને કૌશલ્ય વિકાસ તરફ પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો.

### જી.અમરેલી, તા.લાઠીના મોજે ગામ દેરડી-જાનબાઈનાં ખેડ ખાતા નં. ૬૦૮નાં રે.સ.નં. ૮૪૯ વાળી ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામ ને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. લાઠી, મોજે ગામ **દેરડી-જાનબાઈ**ના ખેડ ખાતા નં. **૬૦૮**નાં રે.સ.નં. **૮૪૯** નાં કુલ હે.આરે.**૬-૪૭-૫૦** ચો.મી. જેનો આકાર રૂા.**૧૮-૧૨** પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન **(૧) પરશોતમભાઈ દયાશંકર (૨) હરબાબેન દયાશંકરભાઈ (૩) જયાબેન દયાશંકરભાઈ (૪) રાવલ નીલામતીબેન અશોકભાઈ (૫) રાવલ મિતેષકુમાર અશોકભાઈ (૬) રાવલ તેજશકુમાર અશોકભાઈ**ની સંયુકત માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મીલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મીલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સંયુકત અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી, શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત હિસ્સો, ભરણપોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૭(સાત) માં અમારી ઓફીસે લેખીતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો(Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મીલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા-વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૨૮/૦૭/૨૦૨૬

ઓફીસ:–શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર, જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા. લાઠી, જી. અમરેલી–૩૬૫૪૩૦

**અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી**
**અમારી મારફત**
**ચંદ્રેશ પી.તુરખીયા**
**(તે ખરીદનારના એડવોકેટ)**

### -:: જાહેર નોટીસ ::-

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનાર ની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ રજી નં. ૨૪૯/૨૦૨૬

**પ્રતિ,**
વાળા મણિલાલ લખમણ,
રહે. મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર, જિ. ગીર સોમનાથ ........... સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ વાળા મણિલાલ લખમણ તથા વાળા વેણુબેન મણિલાલના પુત્રી **વાળા દુર્ગાશ્રી મણિલાલનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૯૨** ના રોજ **કોડીનાર** તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે.જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ **ગ્રામ પંચાયત મુળ દ્વારકા**, તાલુકો-કોડીનારના **સને ૧૯૯૨** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા માટે અરજદારે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખું હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત **તા. ૨૯/૦૭/૨૦૨૬** ના રોજ સવારે **૧૧:૩૦** કલાકે વાંધા-તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

## તંત્રી લેખ

# દવાથી દુઆ સુધીની ભારતની સફર

અત્યાર સુધી મેડિકલ ટુરિઝમને મુખ્યત્વે હાર્ટ સર્જરી, ઘૂંટણ બદલવાની સર્જરી અથવા અન્ય જટિલ સારવાર સાથે જોડવામાં આવતું હતું. પરંતુ આજે ભારતે આ ક્ષેત્રમાં એક નવી દિશા આપી છે. હવે વિશ્વને માત્ર એલોપેથીક સારવાર જ નહીં, પરંતુ સંપૂર્ણ સ્વાસ્થ્ય અને માનસિક શાંતિની પણ જરૂર છે. આ ક્ષેત્રમાં ભારત પાસે એવી અનોખી પરંપરા અને ક્ષમતા છે, જે ઘણા વિકસિત દેશો પાસે ઉપલબ્ધ નથી. મેડિકલ ટુરિઝમ એટલે સારવાર માટે કરવામાં આવતો પ્રવાસ. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના દેશમાં સારવાર મોંઘી હોય, યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ ન હોય અથવા ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ માટે લાંબી રાહ જોવી પડતી હોય, ત્યારે તે વધુ સારી, ઝડપી અને સસ્તી સારવાર માટે બીજા દેશમાં જાય છે. આ પ્રક્રિયાને મેડિકલ ટુરિઝમ કહેવાય છે. તેમાં માત્ર હોસ્પિટલમાં સારવાર જ નહીં, પરંતુ વિઝા, હવાઈ મુસાફરી, હોટલમાં રહેવાની વ્યવસ્થા, અનુવાદકની સેવા અને સારવાર પછી આરામ તથા પુનઃપ્રાપ્તિની સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. આજે મેડિકલ ટુરિઝમ ઝડપથી વિકસી રહ્યું છે. તેનું મુખ્ય કારણ સારવારના ખર્ચમાં રહેલો મોટો તફાવત છે. અમેરિકા અથવા બ્રિટન જેવા દેશોમાં હાર્ટ સર્જરી, ઘૂંટણ બદલવાની સર્જરી અથવા કેન્સરની સારવાર માટે ખૂબ મોટો ખર્ચ થાય છે, જ્યારે ભારતમાં એ જ સારવાર ઘણી ઓછી કિંમતમાં અને ઉચ્ચ ગુણવત્તા સાથે ઉપલબ્ધ છે. ભારતની વિશ્વસ્તરીય હોસ્પિટલો, અનુભવી ડૉક્ટરો અને આધુનિક ટેકનોલોજી દર્દીઓમાં વિશ્વાસ જગાવે છે. ઉપરાંત, અહીં દર્દીઓને ઝડપથી તપાસ, રિપોર્ટ અને સારવાર મળી રહે છે. ભારત માટે મેડિકલ ટુરિઝમ અર્થતંત્ર માટે પણ આશીર્વાદરૂપ સાબિત થયું છે. વર્ષ ૨૦૦૯માં જ્યાં આશરે એક લાખ વિદેશી દર્દીઓ સારવાર માટે આવતા હતા, ત્યાં આજે પાંચ લાખથી વધુ દર્દીઓ ભારતની મુલાકાત લે છે. તેના કારણે દેશને વિદેશી હૂંડિયામણ મળે છે, તેમજ હોટલ, પરિવહન અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળે છે. સાથે જ હજારો લોકોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થાય છે. ભારતની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં એલોપેથીની સાથે આયુર્વેદ, યોગ, યુનાની અને હોમિયોપેથી જેવી પરંપરાગત ઉપચાર પધ્ધતિઓ પણ ઉપલબ્ધ છે. સરકારે ૧૭૨ દેશોના નાગરિકો માટે ઈ-મેડિકલ વિઝા અને અલગ ઈ-આયુષ વિઝાની સુવિધા શરૂ કરી છે. આ પગલું ભારતને વૈશ્વિક વેલનેસ હબ તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. આજે પશ્ચિમના દેશોમાં લોકો તણાવ, અનિદ્રા, સ્થૂળતા અને લાંબા સમયના દુખાવાથી પરેશાન છે. દવાઓ છતાં તેમને સંપૂર્ણ રાહત મળતી નથી. આવી સ્થિતિમાં કેરળની પંચકર્મ સારવાર, ઋષિકેશના યોગ કેન્દ્રો અને ગુજરાતના આયુર્વેદિક કેન્દ્રો તેમને શારીરિક અને માનસિક શાંતિ આપે છે. આ જ વેલનેસ ટુરિઝમ છે, જે મેડિકલ ટુરિઝમનું વધુ વ્યાપક અને ભવિષ્યમુખી સ્વરૂપ બની રહ્યું છે. જો ભારત આધુનિક તબીબી વિજ્ઞાન અને પોતાની હજારો વર્ષ જૂની આયુષ પરંપરાને અસરકારક રીતે એકસાથે જોડે, તો તે વિશ્વમાં સંપૂર્ણ ઉપચારના કેન્દ્ર તરીકે ઉભરી શકે છે. ભારત માત્ર સારવાર નહીં, પરંતુ સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલીનો અનુભવ પણ વિશ્વને આપી શકે છે. આ જ સાચા અર્થમાં આત્મનિર્ભર ભારત અને ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવનાને સાકાર કરે છે, જ્યાં સમગ્ર વિશ્વને સંદેશ આપવામાં આવે છે ''અહીં આવો, સ્વસ્થ બનો અને શાંતિ સાથે પરત જાઓ.''

# સા.કુંડલામાં કોકડા બનાવતી વખતે સગીર ગંભીર રીતે દાઝી જતા મોતને ભેટ્યો

**સગીરને રાજકોટ સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો**



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલામાં જયશ્રી ટોકીઝ સામે સોમવારની બપોરે એક દુર્ઘટનામાં ૧૭ વર્ષીય કિશન બાબુભાઈ મકવાણા ગંભીર રીતે દાઝી ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ ઈલેક્ટ્રિક ઘંટીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. ઘટના કોકડા બનાવતી વખતે બની હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગતાં કિશન ગંભીર રીતે દાઝી જતા તેમને તાત્કાલિક સારવાર માટે સાવરકુંડલા અને અમરેલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમની સ્થિતિને ધ્યાનમાં રાખી વધુ સારવાર માટે બાદમાં રાજકોટની હોસ્પિટલમાં રીફર કરવામાં આવે તે પહેલા જ સગીરે દમ તોડી દીધો હતો. જો કે અકસ્માત કઈ રીતે થયો તે દિશામાં પોલીસ તપાસ ચલાવી રહી છે. આમ, આગને કારણે સગીરનુ દાઝી જતા મોત થયુ હોવાથી સમગ્ર શહેરમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

# રાજુલાના ચાંચ ગામેથી ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂા.૧૨,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી**

રાજુલા, તા. ૨૮

રાજુલાના ચાંચ ગામેથી ૬ પત્તાપ્રેમીઓ રૂ. ૧૨,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. ગુલાબભાઈ ગાંડાભાઈ ચૌહાણ, કમલેશભાઈ વનરાજભાઈ શિયાળ, મેઘાભાઈ ભાણાભાઈ ગુજરીયા, નીતેશભાઈ વજુભાઈ ધુંધળવા, કલ્પેશભાઈ વનરાજભાઈ શિયાળ તથા ગણપતભાઈ જેસરભાઈ ચૌહાણ સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રકમ રૂ. ૧૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. વી. પંડ્યા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદમાં મૈત્રી કરારના જુના મનદુ:ખમાં યુવકને ઢોર માર માર્યો

જાફરાબાદ, તા.૨૮

જાફરાબાદમાં મૈત્રી કરારના મનદુ:ખમાં યુવકને ઢોર માર માર્યો હતો. આ અંગે રામદાસભાઈ ઉકાભાઈ સોલંકી ઉર્ફે શેવણાવાળા (ઉ.વ.૩૮)એ યોગેશભાઈ લક્ષ્મણભાઈ બારૈયા તથા રુડીબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને યોગેશભાઈ બારૈયાની પત્ની સાથે પ્રેમ સંબંધ હતો અને મૈત્રી કરાર કર્યા હતા.

જે બાબતનું મનદુ:ખ રાખી તેમને શરીરે આડેધડ મૂઢમાર મારી ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રૂડીબેને પણ તેમને બેફામ ગાળો આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. પી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના નવા જીનપરા પાસે બાઈક સાઈડમાં લેવાનું કહેતાં ફોરવ્હીલ પર ઈંટોના છૂટા ઘા કર્યા

બગસરા, તા. ૨૮

બગસરાના નવા જીનપરા પાસે બાઈક સાઈડમાં લેવાનું કહેતાં ફોરવ્હીલ પર ઈંટોના છૂટા ઘા કરવામાં આવ્યા હતા. આ અંગે અમીનભાઈ અલારખભાઈ કાળવાતરે (ઉ.વ.૩૩) અલ્ફેશ અમીનભાઈ સૈયદ તથા સિકંદરભાઈ બચુભાઈ સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ પોતાની ઓલ્ટો ફોરવ્હીલ કાર સર્વિસ સેન્ટરમાં સાફ-સફાઈ કરાવીને નવા જીનપરામાં આવેલ ઈલિયાસભાઈ ભંગારીના ડેલા પાસે કાર વાળવા ગયા ત્યારે રસ્તામાં આરોપી અલ્ફેશ અમીનભાઈ સૈયદ પોતાની બાઈક લઈને ઊભો હતો. જેથી તેમણે બાઈક સાઈડમાં લેવાનું કહેતાં આરોપીને સારું નહોતું લાગ્યું અને તેમણે જેમ-ફાવે તેમ ગાળો આપી બાઈક પરથી નીચે ઉતરીને રસ્તામાંથી પથ્થર તથા ઈંટોના ટુકડા લઈ છૂટા ઘા માર્યા હતા. આ સમયે સાક્ષી ફાતેમાબેન વચ્ચે આવતાં તેમના પર પણ છૂટા ઘા કરી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત, આરોપીઓએ જેમ-ફાવે તેમ ગાળો આપી ફરિયાદી તથા સાક્ષીઓને શરીરે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી અને ઓલ્ટો કાર પર પથ્થરો મારી નુકસાન પહોંચાડ્યું હતું. આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એમ. જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અહીં ઘેટાં-બકરાં નહીં ચરાવવાનું કહી મહિલાને બેફામ ગાળો આપી

**લાઠી-ચાવંડ રોડ રેલવે ફાટકથી નાના રાજકોટ તરફની ઘટના**

લાઠી, તા. ૨૮

લાઠી-ચાવંડ રોડ રેલવે ફાટકથી નાના રાજકોટ તરફ એક મહિલાને અહીં ઘેટાં-બકરાં નહીં ચરાવવાનું કહી ગાળો આપવામાં આવી હતી. આ અંગે રંજનબેન બિજલભાઈ ચારોલીયા (ઉ.વ. ૫૦)એ કુલદીપભાઈ કાળુભાઈ હુંબલ સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ તેઓ કાળુભાઈ હુંબલની વાડીના શેઢા પાસે પોતાના ઘેટાં-બકરાં ચરાવતા હતા. તે દરમિયાન આરોપીએ તેમની પાસે આવી અહીં ઘેટાં-બકરાં નહીં ચરાવવાનું કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

તેમજ લોખંડના પાઈપ વડે માથાના વચ્ચેના ભાગે એક ઘા મારી ઈજા કરી હતી અને 'ફરીવાર અહીં બકરાં ચરાવવા આવીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબાપુરથી તરવડાના મઢી વાળા રસ્તે વાડીએથી ૧૪૦ ફૂટના કેબલની ચોરી

અમરેલી, તા. ૨૮

અમરેલીના બાબાપુરથી તરવડાના મઢી વાળા રસ્તે આવેલી વાડીએથી ૧૪૦ ફૂટ કેબલની ચોરી થઈ હતી.

આ અંગે બાબાપુર ગામે રહેતા વિજયભાઈ વિઠ્ઠલભાઈ રીબડીયા (ઉ.વ. ૪૦) એ જણાવ્યા મુજબ, તેમની વાડીમાં અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરીને કૂવામાં લટકાવેલો આશરે ૧૪૦ ફૂટ ઈલેક્ટ્રિક કેબલ ચોરીને લઈ ગયો હતો. જેની કિંમત રૂ. ૩,૫૦૦ ગણાવવામાં આવી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૯૨૪ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૪ |
| જુવાર સફેદ | ૧૦૪૦ | ૧૨૪૨ |
| જુવાર લાલ | ૧૧૨૮ | ૧૩૪૦ |
| જુવાર પીળી | ૪૬૦ | ૫૨૦ |
| બાજરી | ૩૩૦ | ૫૩૧ |
| મકાઇ | ૪૧૭ | ૪૧૭ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૭૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૦૧ |
| અડદ | ૧૩૦૦ | ૧૯૬૦ |
| મગ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૮૧૫ | ૧૩૦૦ |
| ચોળી | ૯૫૦ | ૧૬૪૦ |
| વટાણા | ૫૭૦ | ૮૫૦ |
| કળથી | ૪૫૦ | ૬૧૨ |
| રાજમા | ૧૨૦૦ | ૧૯૪૬ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૨૧૮૦ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૨૨૦ | ૧૫૩૭ |
| તલી | ૨૦૦૦ | ૨૫૧૧ |
| એરંડા | ૧૩૦૧ | ૧૪૦૪ |
| અજમો | ૨૦૦૦ | ૨૬૭૦ |
| સુવા | ૧૦૮૦ | ૧૭૧૧ |
| સોયાબીન | ૧૦૩૨ | ૧૩૫૫ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૮૩૦ |
| કાળા તલ | ૨૨૯૦ | ૩૭૧૧ |
| લસણ | ૧૧૪૦ | ૨૪૪૦ |
| ધાણા | ૨૪૦૦ | ૨૯૭૦ |
| ધાણી | ૨૪૧૫ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૨૦૯૦ |
| જીરૂ | ૩૩૧૧ | ૪૦૪૪ |
| રાય | ૧૩૬૦ | ૧૯૧૧ |
| મેથી | ૯૫૦ | ૧૮૪૦ |
| અશેરીયો | ૧૧૭૬ | ૧૧૭૬ |
| કલોંજી | ૩૦૦૧ | ૩૬૬૭ |
| રાયડો | ૧૨૨૦ | ૧૫૩૨ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૦૩૦ |
| ગુવારનું બી | ૧૦૨૫ | ૧૧૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૩ | ૯૧૧ |
| પપૈયા | ૨૦૧ | ૪૦૫ |
| બટેટા | ૮૮ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૬૧ |
| ટમેટા | ૩૯૫ | ૬૧૦ |
| સુરણ | ૭૭૧ | ૯૮૪ |
| કોથમરી | ૮૨૫ | ૧૬૮૫ |
| રીંગણા | ૭૫ | ૨૦૩ |
| કોબીજ | ૨૬૩ | ૫૫૮ |
| ફ્લાવર | ૨૬૯ | ૪૮૨ |
| ભીંડો | ૪૬૬ | ૯૫૨ |
| ગુવાર | ૪૧૧ | ૧૧૬૪ |
| ચોળાસીંગ | ૫૫૪ | ૭૯૩ |
| ટીંડોળા | ૪૩૩ | ૮૦૭ |
| દુધી | ૨૬૬ | ૫૭૨ |
| કારેલા | ૧૭૬ | ૪૧૬ |
| સરગવો | ૪૭૬ | ૯૮૫ |
| તુરીયા | ૪૮૩ | ૬૯૨ |
| પરવર | ૫૦૫ | ૭૨૩ |
| કાકડી | ૨૪૧ | ૮૦૩ |
| ગાજર | ૩૩૭ | ૪૫૨ |
| વટાણા | ૧૪૨૩ | ૨૬૨૪ |
| ગલકા | ૨૬૩ | ૪૯૭ |
| બીટ | ૩૨૬ | ૫૩૧ |
| મેથી | ૧૨૮૫ | ૧૬૬૪ |
| ડુંગળી લીલી | ૬૧૧ | ૮૨૭ |
| આદુ | ૧૭૭૫ | ૨૭૮૪ |
| મરચા લીલા | ૬૩૫ | ૮૪૨ |
| મકાઇ લીલી | ૨૧૧ | ૪૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૮૪૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૧૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૭૧ |
| સિંગદાણાજાડા | ૧૫૦૧ | ૨૦૫૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૮૦૧ |
| એરંડા/એરંડી | ૧૨૨૧ | ૧૩૯૧ |
| તલ લાલ | ૨૨૦૦ | ૨૫૨૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૪૧૨૧ |
| કલંજી | ૧૭૦૧ | ૩૬૪૧ |
| વરીયાળી | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ધાણા | ૨૩૦૧ | ૨૯૯૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૧૯૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૩૧ |
| અડદ | ૪૦૦ | ૧૯૯૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૩૧ |
| રાય | ૮૦૧ | ૧૮૩૧ |
| મેથી | ૭૨૬ | ૧૫૮૧ |
| કાંગ | ૫૨૧ | ૬૩૧ |
| સુરજમુખી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૯૬ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૮૪૧ |
| તલ - તલી | ૧૯૭૬ | ૨૬૯૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૦૨૧ |
| બાજરો | ૩૨૧ | ૬૪૧ |
| જુવાર | ૫૨૧ | ૧૨૪૧ |
| મકાઇ | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૭૦૦ | ૧૮૩૧ |
| ચણા | ૧૦૭૬ | ૧૨૫૧ |
| વાલ | ૫૦૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૨૦૦ | ૧૫૫૧ |
| સોયાબીન | ૧૧૩૧ | ૧૩૨૬ |
| અજમાં | ૯૭૬ | ૯૭૬ |
| અરીઠા | ૬૦૧ | ૬૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૪૧ |
| વટાણા | ૪૩૧ | ૯૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૪૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૮૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૬૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| મૂળા પુરા | ૪ | ૧૫ |
| કાચા કેળા | ૧૨૦ | ૩૪૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૭૮૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૫ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૪૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૬૦ |
| આદુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૭૫ | ૧૪૮૦ |
| શિગદાણા | ૧૫૦૦ | ૨૧૭૫ |
| તલ સફેદ | ૧૩૬૦ | ૨૬૭૦ |
| તલ કાળા | ૨૨૪૦ | ૩૯૦૦ |
| તલ કાશ્મીરી | ૧૮૦૦ | ૨૩૪૫ |
| બાજરો | ૪૯૦ | ૫૧૦ |
| જુવાર | ૭૦૦ | ૧૨૩૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૫૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૫ |
| મગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૫૦ |
| ચણા દેશી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| સફેદ ચણા | ૮૨૦ | ૧૨૧૦ |
| છોલે ચણા | ૧૦૭૦ | ૧૨૩૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૯૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૯૫૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૩૦૮૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૨૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૬૦૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૮૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૭૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ચીભડા | ૬૨૦ | ૮૩૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૩૦ |
| વટાણાં | ૨૯૫૦ | ૩૦૫૦ |
| ચોળાલીલાં | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૮૨૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૭૫૦ | ૯૨૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લાલ | ૭૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ડુંગળી સુકી | ૩૮૦ | ૫૫૦ |
| લસણ સુકુ | ૧૪૦૦ | ૨૪૩૦ |
| પાલક | ૬૮૦ | ૭૯૦ |
| લીંબુ | ૭૨૦ | ૮૩૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ દાણા | ૧૮૫૦ | ૨૩૦૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૨૪ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૮૧૫ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૭૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૫૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| મગ | ૧૪૦૦ | ૧૫૮૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૮૦ |
| એરડી | ---- | ૧૩૨૫ |
| મેથી | ---- | ૧૨૦૦ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૦૫ | ૧૩૨૦ |
| જીરૂ | ૩૦૨૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૨૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૮ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૫૦૯ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૩૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૩૭૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૬૦ |
| શીંગદાણા | ૧૮૭૦ | ૧૯૧૯ |
| સોયાબીન | ૧૦૫૫ | ૧૩૬૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૩૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ધાણા | ૩૦૫૫ | ૩૦૫૫ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૨૫ |
| શીંગદાણા | ૧૮૭૦ | ૨૦૭૦ |
| તલ | ૨૦૪૦ | ૨૦૪૦ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૩૬૦ | ૧૩૬૦ |
| જુવાર | ૪૨૪ | ૧૦૫૨ |
| બાજરી | ૩૭૮ | ૪૯૧ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૮૬ |
| અડદ | ૧૮૨૧ | ૧૯૨૨ |
| મગ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| મેથી | ૧૧૪૦ | ૧૩૬૫ |
| ચણા | ૧૨૨૬ | ૧૨૮૭ |
| તલ સફેદ | ૨૩૭૦ | ૨૪૬૫ |
| તલ કાળા | ૨૪૦૧ | ૩૫૪૯ |
| તુવેર | ૧૨૦૪ | ૧૨૦૪ |
| ધાણા | ૨૯૩૦ | ૩૦૦૦ |
| ડુંગળી લાલ | ૮૮ | ૬૩૨ |
| ડુંગળી સફેદ | ૧૯૨૩૮૨ | |
| નાળીયેર | ૨૭૫ | ૩૬૦૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૧૫૯ | ૨૪૨૫ |
| બાજરો | ૪૦૦ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૪૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૨૯ |
| મકાઈ | ૫૩૦ | ૫૩૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૨૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૨૦૦ | ૧૨૬૫ |
| બાજરી | ૪૦૦ | ૪૮૦ |
| ઘઉં | ૪૭૭ | ૫૩૭ |
| મગ | ૧૩૪૫ | ૧૬૮૫ |
| અડદ | ૭૦૦ | ૭૧૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૨૦ |
| ચોળી | ૬૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૨૩૧ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| તલી | ૧૭૦૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૧૨૦ | ૩૩૪૦ |
| લસણ | ૮૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૬૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૨૫ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૨૪૩૦ |
| સોયાબીન | ૬૦૦ | ૧૪૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૪૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૨૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૬૪ |
| રાઈ | ૧૫૦૦ | ૧૭૨૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૬૫ |
| અડદ | ૧૯૦૦ | ૧૯૮૮ |
| મગ | ૧૨૫૦ | ૨૦૧૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૯૮ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૯૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૮૨ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૭૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૪૦૧ | ૧૮૯૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૦ |
| મગ | ૧૦૦૧ | ૧૨૮૬ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૮૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૮૦૧ | ૧૧૯૬ |
| શિંગદાણા | ૧૮૦૧ | ૨૦૩૧ |
| શિંગફાડા | ૧૬૦૧ | ૧૭૯૧ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૬૭૬ |
| તલ કાળા | ૨૨૦૧ | ૩૩૧૬ |
| મેથી | ૫૦૦ | ૧૦૦૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૨૯૧ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૩૨૬ |



લાગે તો તીર : -મોંઘવારી 'દિ એ નો વધે એટલી રાતે વધતી જાય

06

# 'સીજેપી' બીજી 'આપ' બનશે?

સીજેપીએ પહેલા જ ધડાકે મીર મારી દીધો.



હજુ લગભગ અઢી મહિના પહેલાં જ અસ્તિત્વમાં આવેલી કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી નેશનલ એજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)નું પેપર ફૂટી ગયું તેની સામે આંદોલન શરૂ કર્યું ત્યારે કોઈને આશા નહોતી કે, આ આંદોલન ભારતમાં ઈતિહાસ રચી દેશે. સીજેપીએ નીટ પેપર લીક માટે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે દિલ્લીના જંતર મંતર ખાતે શરૂ કરેલું આંદોલન અઠવાડિયું પણ નહોતું ચાલ્યું તેથી સૌને લાગેલું કે, સોશિયલ મીડિયા પર ભારે હવા જમાવનારી કોક્રોચ જનતા પાર્ટીનો ફુગ્ગો ફૂટી ગયો.

આ કારણે સીજેપીએ ૨૦ જૂનથી દિલ્લીના જંતર મંતર ખાતે આંદોલનને બીજો તબક્કો શરૂ કર્યો ત્યારે લોકોને ખાસ આશા નહોતી. કેન્દ્રની ભાજપ સરકાર તો એમ જ માનતી હતી કે, પહેલા તબક્કાની જેમ બીજો તબક્કો પણ અઠવાડિયામાં સંકેલાઈ જશે તેથી સરકારે તો આંદોલનની સાવ ઉપેક્ષા જ કરી હતી. અઠવાડિયા પછી સોમન વાંગચુકે આંદોલનને ટેકો જાહેર કરીને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા ત્યારે લોકોનું ધ્યાન સહેજસાજ ખેંચાયેલું પણ સરકારે તો ઉપેક્ષા ચાલુ જ રાખી હતી.

આ ઉપેક્ષા મોદી સરકારને ભારે પડી ગઈ. ધીરે ધીરે સ્વયંભૂ જ યુવાઓ જંતર મંતર ખાતે ઉમટવા માંડ્યા અને એક મહિનામાં તો એટલી ભીડ થઈ ગઈ કે, જગા નાની પડવા માંડી. નેશનલ મીડિયા ગમે તે કારણોસર આંદોલનને કવરેજ નહોતું આપતું તેથી દેશના બાકીના ભાગોમાં તો લોકોને ખબર જ નહોતી કે, દિલ્લીમાં લાખોની સંખ્યામાં યુવા ખડકાઈ ગયા છે. સીજેપીએ ૨૨ જુલાઈએ સંસદ કૂચનું આયોજન કરેલું.

આ કૂચ એવી જોરદાર હતી કે, ટીવી ચેનલોએ જખ મારીને કવરેજ આપવું પડ્યું. પોલીસની લાઠીઓ ખાઈને પણ યુવાઓ પાછા નહોતા હટતા એ આખી દુનિયાએ જોયું ને સરકારે પણ જોયું. પોલીસનાં ધાડેધાડાં ખડકી દેવાયાં હોવા છતાં હજારો યુવા છેક સંસદના ગેટ લગી પહોંચી ગયા એ પણ સરકારે જોયું ને સરકાર સફાળી જાગી. યુવાઓનો આક્રોશ વધારે ભડકે એ પહેલાં સરકારે તેને શાંત પાડવા ધડાધડ પગલાં લેવાં માડ્યાં ને તેમાં એક પગલું શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાનું પણ છે.

ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું ઈતિહાસસર્જક ઘટના છે કેમ કે મોદી સરકારના ૧૨ વર્ષના શાસનમાં પહેલી વાર એવું બન્યું કે, જન આંદોલનના કારણે કોઈ પ્રધાને રાજીનામું ધરી દેવું પડ્યું હોય. આ પહેલાં રાજ્ય કક્ષાના વિદેશ મંત્રી એમ. જે. અકબરે રાજીનામું આપવું પડેલું પણ અકબરના રાજીનામા માટે મીટુ ચળવળ જવાબદાર હતી. અકબર પત્રકાર હતા ત્યારે સાથી પત્રકાર યુવતીઓની છેડતી કરવા બદલ રાજીનામું આપવું પડેલું જ્યારે પ્રધાનના કિસ્સામાં તો આંદોલનકારીઓની મુખ્ય માગણી જ તેમના રાજીનામાની હતી. મોદી સરકારે શરમજનક સ્થિતીમાં ના મૂકાવું પડે એટલા માટે પ્રધાનનું રાજીનામું ટાળવા બહુ પ્રયત્ન કરી જોયા પણ સીજેપી ના માની તેથી છેવટે સરકારે ઝૂકવામાં શાણપણ સમજીને પ્રધાનને રવાના કરી દીધા.

■■■

ભારતના ઈતિહાસમાં પહેલી વાર કોઈ કેન્દ્રીય મંત્રીએ આંદોલનના કારણે રાજીનામું આપવું પડ્યું.



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

ભારતમાં લોકોના આંદોલનના કારણે રાજીનામું આપનારા ધર્મેન્દ્ર પ્રધાન પહેલા કેન્દ્રીય પ્રધાન છે. ભારતનાં રાજ્યોમાં આંદોલનોના કારણે મુખ્યમંત્રીઓએ રાજીનામાં આપી દેવાં પડ્યાં હોય એવી તો અનેક ઘટનાઓ બની છે. ગુજરાતમાં જ ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના કારણે ચીમનભાઈ પટેલે રાજીનામું આપી દેવું પડેલું. ૧૯૮૫માં માધવસિંહ સોલંકીએ પણ અનામત વિરોધી આંદોલનના કારણે રાજીનામું ધરી દેવું પડેલું. બીજાં રાજ્યોમાં પણ મુખ્યમંત્રીઓ ઘરભેગા થયા હોય એવી ઘટનાઓ બની છે પણ પ્રધાનની જેમ કોઈ કેન્દ્રીય મંત્રી આંદોલનના કારણે વધેરાઈ ગયા હોય એવું પહેલી વાર બન્યું છે. લાલ બહાદુર શાસ્ત્રી, વી.પી. કૃષ્ણ મેનન, વી.પી. સિંહ, શિવરાજ પાટિલ વગેરે કેન્દ્રીય મંત્રીઓએ ફરજ બજાવવામાં નિષ્ફળતાની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામાં આપી દીધેલાં પણ આંદોલને ભોગ લીધો હોય તેવા ધર્મેન્દ્ર પ્રધાન પહેલા કેન્દ્રીય મંત્રી છે.

ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે તેમની પોતાની ઉધ્ધતાઈ, સંવેદનહીનતા અને હોતા હૈ ચલતા હૈ અભિગમ તો જવાબદાર છે જ પણ ભાજપની નેતાગીરી પણ જવાબદાર છે. નેશનલ એજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) ૩ મેના રોજ હતી ને તેનું પેપર ફૂટી ગયું હોવાનું એ જ દિવસે બહાર આવી ગયેલું પણ ધર્મેન્દ્ર પ્રધાન આ વાત સ્વીકારવા જ તૈયાર નહોતા. પ્રધાન નીટ લેનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સીનો બચાવ કર્યા જ કરતા હતા અને પેપર ફૂટ્યું જ નથી એવી રેકર્ડ વગાડ્યા કરતા હતા. મીડિયાએ પેપર ફૂટી ગયું હોવાના પુરાવા રજૂ કર્યા એ પછી પ્રધાનનો હકીકતને સ્વીકાર્યા વિના છૂટકો નહોતો તેથી છેવટે ૧૨ મેએ નીટનું પેપર ફૂટી ગયું હોવાનું સ્વીકારીને નવેસરથી પરીક્ષા લેવાની જાહેરાત કરી.

ધર્મેન્દ્ર પ્રધાન આ દેશના શિક્ષણ મંત્રી હતા પણ નીટ જેવી ૨૩ લાખ વિદ્યાર્થીઓ બેસે છે એ પરીક્ષાનું પેપર ફૂટી ગયું તેની ખબર તેમને છેક ૯ દિવસ પછી પડી એ જોતાં તેમને પ્રધાનપદે રહેવાનો અધિકાર જ નહોતો પણ રાજીનામું આપવાના બદલે એ હોદ્દા પર ચીટકી રહ્યા. પ્રધાને નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું ધરી દીધું હોત તો મોદી સરકારે આંદોલનનો સામનો પણ ના કરવો પડ્યો હોત ને શરમજનક સ્થિતીમાં પણ ના મૂકાવું પડ્યું હોત પણ પ્રધાને ના હોદ્દો છોડ્યો કે ના હતાશ વિદ્યાર્થીઓ તરફ સહાનુભૂતિ બતાવી. પેપર ફૂટી ગયું તેના કારણે હતાશ વિદ્યાર્થીઓ આપઘાત કરવા માંડ્યા ત્યારે પણ ધર્મેન્દ્ર પ્રધાન તેમના પરિવારોને સાંત્વના આપવાના બદલે ફિશિયારીઓ મારવામાં પડ્યા હતા.

નવીસવી બનેલી કોક્રોચ જનતા પાર્ટીને સોશિયલ મીડિયાથી બહાર નિકળીને જમીન પર પોતાની તાકાત વધારવા માટે એક મુદ્દાની જરૂર હતી. ભાજપની નેતાગીરીએ પ્રધાનનું રાજીનામું નહીં લઈને આ મુદ્દો આપી દીધો. સીજેપીએ પ્રધાનના રાજીનામાની માગણી સાથે આંદોલન શરૂ કર્યું ત્યારે ભાજપની નેતાગીરીએ બીજી ભૂલ કરી. કોક્રોચ જનતા પાર્ટીને ઉગતી જ ડામવા માટે તેનાં સોશિયલ મીડિયા એકાઉન્ટ બંધ કરાવનારી ભાજપની નેતાગીરીના ઈશારે સીજેપીને દેશદ્રોહી ચિતરવાનું અભિયાન શરૂ થયું. સીજેપીને પાકિસ્તાનથી ફંડ મળતું હોવાના દાવા કરીને સીજેપીના નેતાઓને પાકિસ્તાની એજન્ટ સાબિત કરવાની સોશિયલ મીડિયા પર ઝુંબેશ શરૂ થઈ. આ ઝુંબેશ બેકફાયર થઈ કેમ કે જેન-ઝીને સીજેપી તરફ સહાનુભૂતિ પેદા થઈ. દેશના યુવાનો માટે લડનારા યુવાઓને દેશદ્રોહી સાબિત કરવાના ઉધામા સામે લડવા યુવાઓ દેશભરમાંથી દિલ્હીમાં ઠલવાવા માંડ્યા ને તેનું પરિણામ સૌની નજર સામે છે.

■■■

કોક્રોચ પાર્ટીનું ભાવિ શું ?

કોક્રોચ જનતા પાર્ટીની શરૂઆત સોશિયલ મીડિયા પર થયેલી તેથી મોટા ભાગનાં લોકો તેને સોશિયલ મીડિયા પાર્ટી જ ગણતાં હતાં. કોક્રોચ પાર્ટી સોશિયલ મીડિયા પર ઉભી થઈ ને સોશિયલ મીડિયા પર પતી જશે એવું સૌ માનતાં હતાં. કોક્રોચ પાર્ટી કદી લોકો પર પોતાની પકડ નહીં જમાવી શકે એવો અભિપ્રાય વ્યક્ત થતો હતો પણ સીજેપીએ સૌને ખોટા સાબિત કરી દીધા છે. નીટ પેપર લીક જેવા ચોક્કસ વર્ગને સ્પર્શતા મુદ્દે પણ પ્રચંડ આંદોલન કરીને સીજેપીએ સાબિત કરી દીધું છે કે, તેનામાં લોકોને આકર્ષવાની આ તાકાતનો સીજેપીને ભવિષ્યમાં કેવો રાજકીય ફાયદો મળશે એ કહેવું મુશ્કેલ છે પણ સીજેપીએ તેને કોઈ અવગણી ના શકે એ સ્ટાઈલમાં તેની નોંધ ચોક્કસ લેવડાવી દીધી છે.

ઘણા વિશ્લેષકોના મતે, સીજેપી જેનઝીમાં અત્યંત લોકપ્રિય હોવાથી ભાજપને બહુ મોટું નુકસાન કરશે કેમ કે ભાજપના ચાહક વર્ગમાં યુવાનો મોટી સંખ્યામાં છે. ભાજપે આ યુવાનોની લાગણી ના સમજી તેની કિંમત એ ચૂકવશે. ઘણાંના મતે. અન્ના હઝારેના ૨૦૧૦ના જન લોકપાલ બિલ માટેના આંદોલને અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીના ઉદયનો તખ્તો તૈયાર કરી દીધેલો એવો જ તખ્તો અભિજીત દીપકેની નવી પાર્ટીના ઉદયનો ઘડી દીધો છે. આપની જેમ દીપકેની પાર્ટી પણ શહેરી વિસ્તારોમાં પોતાની પકડ મજબૂત બનાવીને એક સક્ષમ રાજકીય પરિબળ તરીકે ઉભરશે.

ભાવિના ગર્ભમાં શું છે એ આપણને ખબર નથી પણ અત્યારે તો સીજેપી છવાઈ ગઈ છે તેમાં બેમત નથી. ■

sanjogpurti@gmail.com

# અમિતાભ બચ્ચનની પ્રથમ ફિલ્મ: ભુવન શોમ





મૃણાલ સેનની ક્લાસિક ફિલ્મ 'ભુવન શોમ' (૧૯૬૯) અને ભાવનગર વચ્ચેનો સંબંધ ખૂબ જ રસપ્રદ અને ઐતિહાસિક છે. આ ફિલ્મ ભારતીય સિનેમામાં **New Wave Cinema** , સમાંતર સિનેમાની શરૂઆત માનવામાં આવે છે.

'ભુવન શોમ' અને ભાવનગરનું કનેક્શન

સત્ય ઘટના અને 'બનફુલ'ની વાર્તા

આ ફિલ્મની વાર્તા પ્રખ્યાત બંગાળી લેખક બલાઈચંદ મુખોપાધ્યાય દ્વારા લખવામાં આવી હતી, જેઓ તેમના ઉપનામ 'બનફુલ' તરીકે વધુ જાણીતા છે. તેમણે એક સત્ય ઘટનાને આધાર બનાવીને આ વાર્તા લખી હતી. વાર્તા એક કડક અને શિસ્તબધ્ધ રેલવે ઓફિસર ભુવન શોમની આસપાસ ફરે છે, જેમના જીવનમાં ગુજરાતના ગ્રામીણ વિસ્તારની મુલાકાત પછી એક મોટો બદલાવ આવે છે.



**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

લોકેશનની શોધ અને ભાવનગર કૃષ્ણનગર રેલવે સ્ટેશન પણ એમાં જોવા મળે છે.

દિગ્દર્શક મૃણાલ સેન અને તેમના પ્રતિભાશાળી કેમેરામેન કે.કે. મહાજન ફિલ્મની વાર્તાને ન્યાય આપી શકે તેવા યોગ્ય લોકેશનની શોધમાં હતા. આ શોધ તેમને સૌરાષ્ટ્ર સુધી ખેંચી લાવી. તેમને ભાવનગર-મહુવા નેરોગેજ લાઇન પર આવેલું કૃષ્ણનગર રેલવે સ્ટેશન ખૂબ જ ગમી ગયું. આ સ્ટેશનનું વાતાવરણ અને આસપાસનો વિસ્તાર ફિલ્મની વાર્તા માટે એકદમ યોગ્ય સાબિત થયા. આ સિવાય ફિલ્મનું શૂટિંગ તણસા વાવડી કુકડ મા કરવા મા આવ્યું હતુ.

મંગલ ભારતી લોકશાળામાં હું આઠમું ધોરણ ભણતો હતો ત્યારે અમારા આચાર્ય નેમુભાઈ આંબલીયાએ અમને માહિતી આપી કે આપણી સંસ્થાના બિલ્ડિંગમાં વર્ષો પહેલા મૃણાલ સેનની ફિલ્મ 'ભુવન શોમ'નું શૂટિંગ થયું હતું. બસ ત્યારથી લઈને ગયા વર્ષ સુધી મને તે જોવાની તાલાવેલી હતી. થિયેટરમાં તો તે શક્ય જ ન હતું. સીડી અને ડીવીડીનો યુગ અને યોગ આવ્યો ત્યાર પછી મેં તેને શોધવાની ખૂબ કોશિશ કરી પરંતુ તેનો તેમાં પણ મેળ પડ્યો નહીં. ૧૯૭૦ પહેલા બનેલી આ ફિલ્મ વિશે મને ૧૯૯૦ આસપાસ જાણવા મળ્યું હતું. અને તે જોવાની ઈચ્છા ૨૦૨૫ માં પૂરી થઈ **youtube** દ્વારા જૂની બ્લેક એન્ડ વાઈટ ફિલ્મ જોવાની ખૂબ મજા પડી વાર્તા પણ ખૂબ જ રસપ્રદ છે. હું ફિલ્મમાં ભાવનગર પંથકના કુકડ તણસા વગેરે ગામોનો રીયલ ઉલ્લેખ છે. અમે જ્યાં ભણતા હતા તે સ્કૂલ અને સ્કૂલ પાસેનો દરિયો પણ ફિલ્મમાં છે. ફિલ્મ એકવાર સૌએ જોવી જોઈએ એવી ફિલ્મ છે. વાર્તાની કહાની નાનકડી રૂપકડી રોમેન્ટિક અને અણધાર્યા અંત વાળી છે. અને 'સાત હિન્દુસ્તાની' નહીં પરંતુ વાસ્તવમાં અમિતાભ બચ્ચનની આ પ્રથમ ફિલ્મ છે. કેમ ચોકી ગયા ને? વાત ખોટી લાગતી હોય તો એકવાર ફિલ્મ જોઈ પાડો.

naranbaraiya277@gmail.com

# અતિવૃષ્ટિથી સાવચેત રહીએ..



ભારત મોસમી આબોહવાનો દેશ છે. વર્ષાઋતુની ઋતુમાં વરસાદનું આગમન થતું હોય છે.તેવા સમયે વિવિધ જિલ્લાઓમાં અતિવૃષ્ટિના પ્રકોપથી પારાવાર નુકસાન થતું હોય છે. કોર્પોરેશન કે નગરપાલિકા દ્વારા એડવાન્સ આયોજનના અભાવે ગટર લાઈન અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં ત્રુટી હોવાના કારણે ભયંકર પાણી રોડ, રસ્તા, કોમ્પ્લક્ષ, દુકાનો, નિચાણવાળા અને ઘરોમાં વરસાદનું પાણી પ્રવેશી જાય છે.બેદરકારીના ભોગે લોકોને હાલાકી ભોગવી પડે છે. હાલાકી ન ભોગવી પડે તે માટે જનતાના ટેક્સથી આયોજન કરનાર કોર્પોરેશન અને નગરપાલિકાએ પ્રજાને સુવિધા આપવી પડશે. જો સુખાકારી નહીં આપે તો વહીવટ ખાડે જશે.

અતિવૃષ્ટિ (ભારે વરસાદ અને પૂર) ના કારણે જાન-માલ, ખેતી, પશુધન અને માળખાકીય સુવિધાઓને વ્યાપક નુકસાન થાય છે. આ નુકસાનની વિગતો અને તેની કાળજી રાખવાના ઉપાયો નીચે મુજબ છે:

૧. મુખ્ય નુકસાન કઈ બાબતોનું થાય છે? ખેતી અને પાક, ખેતરોમાં પાણી ભરાવાથી ઊભો પાક સડી જાય છે, જમીનનું ધોરાણ થાય છે અને ફળદ્રુપ માટી ધોવાઈ જાય છે. ઘણી વખત થયેલો પાક કોહવાઈ જાય છે. ખેડૂતોને પુષ્કળ નુકસાન થાય છે. જગતના તાતને કુદરત, સરકાર અને દલાલો ચૂસી ખાય છે.



**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

પશુધન: પશુઓને પીવાનું શુધ્ધ પાણી કે ઘાસચારો ન મળવાથી રોગચાળો ફેલાય છે અને પશુઓના ડૂબી જવાથી મૃત્યુ થવાની સંભાવના રહે છે.ગામડાના મોટાભાગના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાથી મોટાભાગના પશુ ચોમાસાના સમયગાળા દરમિયાન જ બીમાર પડતા હોય છે અને એવા સમયે દુધાળા પ્રાણીઓ મૃત પામે તો મોટા પાયે નુકસાન પશુપાલકને થાય છે.

મકાન અને મિલકત: કાચા મકાનો પડી જાય છે, ઘરવખરી, અનાજ અને ઈલેક્ટ્રોનિક સામાન પલળીને નકામા થઈ જાય છે. નીચાણવાળા વિસ્તારમાં સ્લમ અને ઝુપડપટ્ટીમાં રહેતા લોકો ની દશા અને દિશા છીન્નભિન્ન થઈ જાય છે. ઘરવખરી બધું જ પાણીમાં તણાઈ જાય છે. એ વખતે માત્ર નગરસેવકો ફોટા પડાવવા માટે સરકારી સ્કૂલમાં ફૂડ પેકેટ આપીને જાણે કે ઉપકાર કર્યો હોય તેવું વાતાવરણ ઊભું કરે છે.

આરોગ્ય: ગંદા પાણીના ભરાવાથી ઝાડા-ઊલટી, મલેરિયા, ડેન્ગ્યુ, ટાઈફોડ અને ત્વચાના રોગો ફેલાય છે. વરસાદ પછી પાણી ભરાવો થયો હોય ત્યાં મચ્છરનો ઉપદ્રવ થાય પશુ મૃત્યુ પામ્યા હોય એટલે ગંદકીના કારણે કોલેરા જેવી અનેક બીમારીઓ થાય છે. તેવા સમયે સ્વચ્છતા કરવા માટે આરોગ્ય વિભાગે અસરકારક પગલાં ભરવા જોઈએ.પાણીની લાઈનો સાથે ગટરની લાઈનોનું પાણી મિક્સ થઈને આવવાથી મોટા પાયે રોગચાળો ફેલાય છે.

માળખાકીય સુવિધાઓ: વીજળીના સ્ટેશન, રસ્તાઓ તૂટી જવા, અને પીવાના પાણીના સ્ત્રોતો દૂષિત થવાથી વ્યવહાર ઠપ થઈ જાય છે.અતિવૃષ્ટિના કારણે વાવાઝોડું આવતું હોવાથી ઈલેક્ટ્રીકના થાંભલા પડી જવા વૃક્ષ ઉખડી જવા, સારા રોડ રસ્તા ન બનાવ્યા હોય એટલે તૂટી જવા આ બધી કામગીરીમાં વિલંબ થતો હોય છે અને એનો ભોગ જનતા બને છે.

અતિવૃષ્ટિ દરમિયાન અને તે પછી રાખવાની કાળજી

આરોગ્ય અને પીવાના પાણીની સંભાળ: પાણી ઉકાળીને પીવું: પૂર કે ભારે વરસાદ બાદ પાણી દૂષિત થવાની પૂરી શક્યતા રહે છે, તેથી હંમેશા પાણી ઉકાળીને અથવા ક્લોરિનની ગોળીઓ નાખીને જ પીવું.

ખોરાક: ખુલ્લો કે વાસી ખોરાક ખાવાનું ટાળવું. હંમેશા તાજો અને ગરમ ખોરાક લેવો.મચ્છરોથી રક્ષણ ઘરની આસપાસ પાણી જમા ન થવા દેવું અને રાત્રે સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો.ઘર અને મિલકતની કાળજી લેવી.વીજ સલામતી ઘરમાં પાણી ભરાઈ જાય ત્યારે મુખ્ય ઈલેક્ટ્રિક સ્વીચ બંધ કરી દેવી જેથી શોર્ટ સર્કિટ ન થાય. ઈલેક્ટ્રીકના બોર્ડ ઉપર પ્લાસ્ટિક ચોંટાડી દેવું અને ભીના હાથે ક્યારે પણ ઈલેક્ટ્રિક સ્વીચને કે ઉપર કરણને અડવું જોઈએ નહીં.


સફાઈ અને જંતુનાશક: પાણી સરકી ગયા બાદ ઘરમાં અને આસપાસ બ્લીચિંગ પાવડર અથવા ફિનાઈલ છાંટીને સારી રીતે સફાઈ કરવી. અનાજનો સંગ્રહ અનાજને ભીનું થવાથી બચાવવા ઊંચા અને સુરક્ષિત સ્થળે રાખવું.ખેતી અને પશુઓની કાળજી ખેતરમાં નિકાલ: ખેતરમાં ભરાયેલા વધારાના પાણીનો યોગ્ય નિકાલ કરવો જેથી પાકને વધુ સડો ન લાગે.પશુઓનું રક્ષણ પશુઓને ઊંચા અને સૂકા શેડમાં બાંધવા. તેમને ખાવા માટે સૂકું ઘાસ અને પીવા માટે શુધ્ધ પાણી આપવું.

પશુરોગ અટકાવવા: પશુઓમાં રોગચાળો અટકાવવા પશુવૈદ્યની સલાહ લઈને સમયસર રસીકરણ કરાવવું.

સરકારે અતિવૃષ્ટિના કારણે જે જિલ્લાઓમાં રોદ્ર સ્વરૂપ ધારણ કરી વરસાદ વરસ્યો છે ત્યાં સ્વચ્છતા અને નુકસાન થયેલ પરિવારોને મદદ કરવી જોઈએ અને આ માટે જે જવાબદાર નગરપાલિકાના અને કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદારી ફિક્સ કરીને નોકરીમાંથી કાઢી મૂકવા જોઈએ.જનતાના ટેક્સ થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ચાલે છે. સરદાર પટેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ હતા ત્યારે રાત્રે પોતે વરસાદવાળા વિસ્તારમાં ઉભા રહી અને તેનો નિકાલ લાવવા અડીખમ રહેતા હતા. તેમની ઓફિસ રાત્રે પણ ચાલુ રહેતી.આવા સેવકો હોય તો જ જનતાને સુખાકારી પ્રાપ્ત થાય. ■

Mo.9825702282

# PCOD અને હોમિયોપેથી : શરીર અને મનના સંતુલન તરફ એક સર્વાંગી અભિગમ



આજના આધુનિક જીવનમાં યુવતીઓ અને મહિલાઓમા t PCOD એટલે કે Polycystic Ovary Syndrome એક સામાન્ય હોર્મોનલ સમસ્યા બની રહી છે. અનિયમિત માસિક, વજન વધવું, ચહેરા પર ખીલ, અનિચ્છનીય વાળની વૃધ્ધિ, વાળ ખરવા, મૂડમાં ફેરફાર અને ગર્ભધારણમાં મુશ્કેલી જેવી સમસ્યાઓ સાથે ઘણી મહિલાઓ PCODનો સામનો કરે છે.

PCOD માત્ર અંડાશયની સમસ્યા નથી, પરંતુ તે શરીરના હોર્મોનલ અને મેટાબોલિક સંતુલન સાથે જોડાયેલી સ્થિતિ છે. ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ, વજન, ઊંઘ, તણાવ, ખોરાક અને જીવનશૈલી જેવા પરિબળો પણ તેની અસરને વધારી શકે છે.

● PCODમાં જીવનશૈલીનું મહત્વ :

PCODના સંચાલનમાં જીવનશૈલીમાં ફેરફાર ખૂબ મહત્વપૂર્ણ છે. નિયમિત કસરત, યોગ્ય અને સંતુલિત આહાર, પૂરતી ઊંઘ, તણાવનું નિયંત્રણ અને વજનનું યોગ્ય સંચાલન ઘણી મહિલાઓમાં લક્ષણો સુધારવામાં મદદરૂપ બની શકે છે.

માત્ર દવા પર આધાર રાખવાને બદલે વ્યક્તિએ પોતાની દૈનિક જીવનશૈલીમાં પણ જરૂરી ફેરફારો કરવા જોઈએ.

● PCOD અને હોમિયોપેથી :

હોમિયોપેથીમાં દર્દીને માત્ર ''PCOD''ના નામથી સારવાર આપવામાં આવતી નથી. દર્દીના શારીરિક લક્ષણો સાથે તેની માનસિક સ્થિતિ, ભાવનાત્મક પરિસ્થિતિ, માસિક ચક્રની વિશેષતાઓ, વજનમાં ફેરફાર, ખીલ, વાળની સમસ્યા, ઊંઘ, ભૂખ અને અન્ય વ્યક્તિગત લક્ષણોનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવે છે.



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા : ડો. નંદિની

હોમિયોપેથીક દવા પસંદ કરતી વખતે દરેક વ્યક્તિની લક્ષણોની વિશિષ્ટતા મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેથી PCOD ધરાવતી દરેક મહિલાને એક જ દવા આપવી એ હોમિયોપેથીના વ્યક્તિગત સારવારના સિધ્ધાંત સાથે સુસંગત નથી.

● PCODમાં ઉપયોગમાં લેવાતી કેટલીક હોમિયોપેથીક દવાઓ :

હોમિયોપેથીના ક્લિનિકલ પ્રેક્ટિસમાં PCOD સાથે જોડાયેલા વિવિધ લક્ષણો માટે કેટલીક દવાઓનો વિચાર કરવામાં આવે છે, જેમ કે:

**Pulsatilla** – માસિક ચક્રમાં અનિયમિતતા સાથે ભાવનાત્મક સંવેદનશીલતા અને બદલાતા લક્ષણો હોય ત્યારે.

**Sepia** – માસિક અનિયમિતતા સાથે હોર્મોનલ ફરિયાદો, થાક, ચીડિયાપણું અને ભાવનાત્મક ઉદાસીનતા જેવા લક્ષણો જોવા મળે ત્યારે.

**Lachesis** – માસિક ચક્ર અને હોર્મોનલ ફેરફારો સાથે જોડાયેલા વિશિષ્ટ લક્ષણોના આધારે વિચારવામાં આવતી દવા.

**Apis mellifica** – અંડાશય સંબંધિત તકલીફો અને સોજા જેવા લક્ષણોની વિશિષ્ટતા હોય ત્યારે.

**Folliculinum** – કેટલાક હોમિયોપેથીક પ્રેક્ટિશનરો દ્વારા હોર્મોનલ અસંતુલન સાથે જોડાયેલી ફરિયાદોમાં ઉપયોગમાં લેવાતી દવા.

**Oophroinum** – ઓવેરિયન સંબંધિત લક્ષણોના આધારે વિચારવામાં આવતી હોમિયોપેથીક દવા.

પરંતુ મહત્વની વાત એ છે કે આમાંથી કોઈ પણ દવા દરેક PCOD દર્દી માટે યોગ્ય નથી અને કોઈ એક દવાને PCODની ''cure'' તરીકે રજૂ કરી શકાય નહીં. યોગ્ય દવા દર્દીની સંપૂર્ણ કેસ-ટેકિંગ અને વ્યક્તિગત લક્ષણોના આધારે નિષ્ણાત હોમિયોપેથીક તબીબ નક્કી કરે છે.

● શું PCOD સંપૂર્ણપણે મટી શકે?

PCOD એક લાંબા સમય સુધી સંચાલન કરવાની સ્થિતિ હોઈ શકે છે અને તેની પ્રકૃતિ દરેક વ્યક્તિમાં અલગ હોય છે. કેટલાક દર્દીઓમાં જીવનશૈલી અને યોગ્ય તબીબી વ્યવસ્થાપનથી માસિક ચક્ર નિયમિત થઈ શકે છે, વજન નિયંત્રિત થઈ શકે છે અને અન્ય લક્ષણોમાં સુધારો થઈ શકે છે.

PCOD સામેની લડાઈમાં દવા જેટલું જ મહત્વ જાગૃતિ, યોગ્ય આહાર, નિયમિત કસરત, તણાવનું નિયંત્રણ અને નિયમિત તબીબી તપાસનું છે.

હોમિયોપેથીનો મુખ્ય અભિગમ દર્દીને માત્ર એક રોગ તરીકે નહીં, પરંતુ એક સંપૂર્ણ વ્યક્તિ તરીકે સમજવાનો છે. તેથી PCOD ધરાવતી દરેક મહિલાની સારવાર તેના વ્યક્તિગત લક્ષણો અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને થવી જોઈએ. PCOD અંત નથી યોગ્ય માર્ગદર્શન, સ્વસ્થ જીવનશૈલી અને વ્યક્તિગત સારવાર દ્વારા તેને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે. ■ sanjogpurti@gmail.com

# 'મોંઘવારી'દિ એ નો વધે એટલી રાતે વધતી જાય



'મોંઘવારી'દિ એ નો વધે એટલી રાતે વધતી જાય છે.

હંધીય વસ્તુઓનાં ભાવ ભડકે બળે છે. અડકવાની વાત તો દૂર રહી, ભાવ હાંભળીને જ ભડકી જવાય છે. બાકી હતું તે..એ..આ વરસાદે ઘાણી કરી. બબ્બે વખત બિયારણ વાવ્યું. પણ, હજીય વાવવાનું ચાલું જ છે. કોને ખબર ક્યારે ઊગશે? અથવા ઊગશે કે નહીં? એ તો મારો રામ જાણે. પણ, બબ્બે બિયારણ ના પૈસા તો આપણાં પાણીમાં ધોવાઈ ગયાં ને !!'

'હજીય વધારે બાકી હતું તે..એ.. નવા ખરસામા ભાગ દેવો પડશે.'

બેરાલાલ ખાડીનાં કાંઠે બેહીને એકલાં એકલાં રટણ રટી રહ્યાં હતાં.

અમથાલાલને નવાઈ લાગી.

આ બેરાલાલ એકલો એકલો કોની હારે વાતું કરે છે!?

'બેરાલાલ? કોની હારે વાતુંએ વળગ્યાં છો? અને આ ખરસાની વાત કરો છો, તો..ઓ.. આ નવો ખરસો કયો આવ્યો?'

'અમથાલાલ! તમે ક્યાં રહો છો?'

'ગામમાં..!'

'એમ નહીં.! કયા દેશમાં?'

'ભારતમાં વળી, બીજે ક્યાં! ? આપણે થોડાં સોશિયલ પાર્ટી વાળા છીએ.'

'તો તો તમારે'ય આ ખરસો ભાગમાં આવશે.'

'અરે..પણ..! મેં કોઈ ખરસો કર્યો જ નથી તો, ભાગ શાનો!?'

'મારાં ને તમારાં પ્રતિનિધિ , કર્યું કારવ્યુ ઉપર પાણીઢોળ કરી નાંખે છે, એનું શું.'

'એટલે વળી પાછી તમે નો કરવાની કરી? તમે રાજકારણની વાત કરો છો? આપણે એને મત તો આપી દીધો. હવે ખરસો શેનો આપવાનો? હવે ખરસો કરવો હોય તો ઈ કરે.'



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'ઈ તો સેવા કરે છે ને !! પછી કેટલું'ક કરે!??'

'પણ..! મારે ખરસો શેનો આપવાનો ભાઈ ?'

'હમણાં સંસદમાં આપણી સેવા ? કરવા માટે સત્ર શરૂ થયું છે. ચોમાસું સત્ર.'

'તે..એ..! સત્ર તો આપણે'ય ખેતરમાં શરૂ થયું છે. આપણે કોઈ પાંહે ખરસો માંગ્યો? તમે ગમે તે કહો. હું ખરસો આપવાનો નથી.'

'સીધી આંગળીએ ઘી નો નીકળે તો સરકારને આંગળી વાંકી કરતાં 'ય આવડે છે. તમે સીધાં કાન નહીં પકડો તો એને અવળાં હાથે કાન પકડાવતા'ય આવડે છે.'

'હા પણ, ખરસો શેનો કર્યો ઈ તો કહો. '

'આપણાં લોક સભાનાં ૫૪૩ અને રાજય સભાનાં ૨૪૫ સભ્યો છે.

સંસદ હકાવવાનો ખરસો જગદબિંકા પાલના જણાવ્યાં પ્રમાણે એક મિનિટનો અઢી લાખ રૂપિયા આવે છે. હવારથી હાંજ પડે એટલે નવ કરોડ રૂપિયાનો ધૂમાડો થઈ જાય છે. આમ એકાદ મહિનાનો ખરસો રૂપિયા ત્રણસો કરોડ આસપાસ કરે છે.'

'હા તો ભલેને ખરસો કરે! એ પ્રમાણે કામે'ય કરતાં હશે ને!!?'

'ઈ જ તો ખાટલે મોટી ખોડ છે. 'ખાયા પીયા કુછ નહીં, બીલ આયા બાર આનાં.'

'હું કાંઈ હમજયો નહીં!! કામ નથી જ કરવું તો ખરસો કરવાં ભેગાં કાં થયાં?'

'સરકારને કામ તો કરવું જ છે. પણ, આ લોકો કામ નથી કરવાં દેતાં.'

'આ લોકો એટલે કોણ!? પાકિસ્તાન વાળા? બાંગ્લાદેશ વાળા? અમેરિકા વાળા? આખરે કોણ??'

'હવે અંદરખાને કોણ હોય ઈ તો કદાચ ભગવાને'ય નહી જાણતાં હોય.

આ પહેલો દિવસ જ જોઈ લો. ભારતમાં રાજકીય પાર્ટીઓ ઓછી હતી. તે એકે વિદેશમાં રહીને પાર્ટી બનાવી. (ભાદરવાનાં ભીંડા) 'કોકરોચ જનતા પાર્ટી .' અને જેવી સંસદ ચાલુ થઈ કે, એમને ઉપરથી આદેશ મળ્યો. 'જાઓ.. સંસદ ના હાલવી જોઈએ.' આવો સંદેશો લઈને આવેલો અભિજીત દીપકને જો કે,( એની ખુદની મા કહે છે કે દીપક લફંગા ટાઈપનો છોકરો છે. અમારે એની સાથે કોઈ જ સંબંધ નથી.)આને આંધળુકિયો સપોર્ટ મળ્યો. બસ ! પછી જે થવાનું હતું ઈ જ થયું.(નકકી કર્યું હતું એમાં થોડું'ક ઓછું થયું. બે - ચાર ની જાનહાની કરવાની હતી. પરંતુ.. યમરાજ ટ્રાફિકમા સલવાઈ ગયાં હશે? એ ન થયું.) સો બસો પોલીસને માથાંમાં પથ્થર વાગ્યાં, હજારો ગાડીઓનો કચ્ચરઘાણ વળી ગયો,

સાથે સાથે ટીયર ગેસનાં સેલથી ભીડ નો હમજી તો પોલીસને હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો. અને એમાં'ય ઘણાં ઘાયલ થયાં.'

'પણ.., આવું બધું શા માટે થયું? અને કોણે કરાવ્યું??'

'બસ! સંસદ નો હાલવી જોઈએ. રહી વાત કોણે કરાવ્યું? ઈ તો જગ જાહેર છે. કોને કોને પેટમાં દુ:ખે છે. અને શા માટે દુ:ખે છે?? આપણાં તો આવાં ટેક્ષના હજારો કરોડ રૂપિયા ખોટાં ખોટાં ખર્ચાઈ ગયાં.'

'તે..એ..એકસોને ચાલીસ કરોડની જનતામાં હંધાય ક્યાં ટેક્ષ ભરે છે? "(મુદ્દો ગરમ છે.)

'તમારું કેવાનું હું છે? ટેક્ષ નો ભરે એને બોલવાનો અધિકાર નથી? અને કોણ કહે છે કે, હંધાય ટેક્ષ નથી ભરતા!? તમે બજારમાંથી દસ રૂપિયાનું બિસ્કીટ ખરીદો છો, એમાં'ય ટેક્ષ તો લાગેલો જ છે.

હવે કહો કે,આ સો કરોડ અને આવાં હજારો કરોડમાં મારાં ભાગે પૈસા આવે કે નહી..!??'

'હા પણ, આતો મોટાં માણસોનું કામ.આપણે નાનાં માણસો શું કરી શકીએ?'

'આપણે જ કરી શકીએ..! આપણે કેમ નહીં!? દર પાંચ વરસે ચૂંટણી આવે જ છે. કોને મત આપવો, ઈ તો આપણાં હાથમાં છે ને!!' (હોર્સ ટ્રેડિંગને અહીં કાંઈ લાગતું વળગતું નથી.)??) ■ kalubhaibhad123@gmail.com

# ચોમાસામાં માણો ચટપટી વાનગી



● **વેજીટેબલ પકોડા :**

- સામગ્રી: (૧) કાંદા ૨ નંગ (૨) લીલા મરચાં ૩-૪ નંગ (૩) જીરુ ૧ ચમચી (૪) અજમો અર્ધી ચમચી (૫) મીઠું સ્વાદ મુજબ (૬)આખા ધાણા ૧ ચમચી (૭) કોથમીર સમારેલી ૧ કપ (૮) ચણાનો લોટ અર્ધો કપ (૯) ચોખાનો લોટ પા કપ (૧૦) હળદર પાઉડર ૨ ચપટી (૧૧) કાશ્મીરી લાલ મરચું ૧ ચમચી (૧૨) ચિલી ફ્લેક્સ ૧ ચમચી (૧૩) મોટા બટાકા ૨ નંગ

- રીત: (૧) કાંદાને લાંબી જાડી સ્લાઈસમાં કાપી લો. (૨) તેમાં મરચાંને ગોળ કે લાંબા પાતળા કાપીને ઉમેરો. જીરું, અજમો, કોથમીર ઉમેરો, આખા ધાણાને હાથથી મસળીને નાખો. આ મિશ્રણને હાથથી ચોળી લો જેથી કાંદાની સ્લાઈસ છૂટી પડે. (૩) તેમાં ચણાનો તથા ચોખાનો લોટ ઉમેરો. (૪) પછી સૂકા મસાલા કાશ્મીરી લાલ મરચું, હળદર, મીઠું, ચિલી ફ્લેક્સ ઉમેરી મિક્સ કરી નાખો. (૫) પછી તેમાં થોડું થોડું પાણી ઉમેરતાં જઈ ઘટ્ટ મિશ્રણ તૈયાર કરી એકબાજ રાખો. (૬) બટાકાને છોલી ધોઈ ઊભા પૈતામાં કાપી લો. તેમાંથી લાંબી ફ્રેન્ચફ્રાઈઝ જેવી થોડી જાડી ચિપ્સ કાપી લો. આ ચિપ્સને ૨-૩ પાણીથી ધોઈ એક સુતરાઉ કાપડ કે નેપકીન પર સૂકાવા દો. (૭) એક કઢાઈમાં તેલ ગરમ કરવા મૂકો. તેલ ગરમ થાય એટલે બટાકાની એક-એક ચિપ્સ લઈ કાંદા અને ચણાના લોટના મિશ્રણમાં બોળી કાઢો. કાંદાનું મિશ્રણ ચિપ્સની ચારે બાજુ ચોંટેલું હોવું જોઈએ. (૮) તેલ ગરમ થાય એટલે ગેસની આંચ ધીમી કરી કાંદાના મિશ્રણવાળી બટાકાની ચિપ્સ તેલમાં તળવા હળવેથી નાખો. ગેસની ધીમી આંચે ૬-૭ મિનિટ થોડી થોડીવારે ચમચા કે ચિપિયાથી તેલમાંની દરેક ચિપ્સને એક-એક કરી ઉથલાવતા જાવ. આ રીતે ૬-૭ મિનિટમાં પકોડા તૈયાર થઈ જશે. (૯) ગરમાગરમ પકોડાને ટોમેટો કેચ-અપ સાથે પીરસો.

● **મસાલા રોટલો :**

- સામગ્રી: (૧) બાજરીનો લોટ ૧ કપ (૨) લીલા લસણના પાન ૧ કપ (૩) લસણની કળી ૧૦-૧૨ નંગ (૪) લીલી મેથીના પાન અર્ધો કપ (૫) કોથમીર સમારેલી ૨ ચમચી (૬) ધાણાજીરુ પાઉડર ૧ ચમચી (૭) ઘી કે માખણ રોટલો શેકવા માટે (૮) મીઠું સ્વાદ મુજબ (૯) લીલાં તીખાં મરચાં ૩-૪ નંગ (ઓછું તીખું ખાતાં હો તો મરચાં મોળા લેવાં) (૧૦) હિંગ ૨ ચપટી (૧૧) આદુ-લસણ-મરચાંની પેસ્ટ ૨-૩ ચમચી

- રીત: (૧) લીલું લસણ ધોઈ તેના લીલાં પાન સમારીને એક વાટકીમાં મૂકી રાખો. (૨) લીલી મેથીના પાન ચૂંટી લઈ, ધોઈને પાણી નિતારીને સમારી લો. (૩) આદુ અને લીલા લસણની કળીઓને અધકચરી પીસી નાખો. (૩) એક તાસમાં બાજરીનો લોટ લો, તેમાં સમારેલાં લીલા લસણના પાન, કોથમીર, મેથીના પાન મેળવો. તેમાં હિંગ, સ્વાદ મુજબ મીઠું, આદુ-મરચાં-લસણની પેસ્ટ મેળવી લોટને હાથથી બરાબર મસળી નાખી જરા-જરા પાણી ઉમેરતાં લોટ બાંધો. લોટને સરખા પ્રમાણમાં મસળી તેમાંથી મોટી સાઈઝના લૂવા લઈ લોટમાં રગદોળી એક પાટલા સાઈઝનું જાડું પ્લાસ્ટિક લઈ તેના પર રોટલા થાપી લો. (૪) તવો સરખો ગરમ કરી ગેસની આંચ ધીમી રાખી બે હાથમાં રોટલો લઈ હળવેથી તવા પર મૂકો. (૫) થોડી વારે તવેથા વડે હળવેથી રોટલો ઉથલાવો. એકાદ મિનિટ બાદ નીચેથી શેકાવા આવ્યો હોય તો ઉથલાવીને ગેસની આંચ ધીમી કરી દો. (૬) રોટલા પર અને તેની ફરતે ઘી રેડી દો. (૭) તવેથાની ધાર વડે રોટલા પર થોડાં થોડાં છેદ કરી દો. જેથી માખણ અને મસાલો તેમાં સારી રીતે ઉતરી જાય. (૮) હવે રોટલા પર આદુ-મરચાં-લસણની પેસ્ટ, સમારેલું લીલું લસણ તથા ઘી કે માખણ ફેલાવી તેના પર ધાણાજીરુ પાઉડર છાંટી રોટલાને ક્રિસ્પી થવા દો. (૯) રોટલાને ૧ મિનિટ બાદ નીચે ઉતારી તેના ચાર ટુકડા કરી ઉપર કોથમીર ભભરાવી દહીં સાથે નાસ્તામાં આ રોટલો પીરસો.

● **ખાખરા ચાટ :**

- સામગ્રી: (૧) ખાખરા ૧૦-૧૨ નંગ (૨) ઝીણાં સમારેલા ટામેટાં અર્ધો કપ (૩) ટોમેટો પ્યુરી અર્ધો કપ (૪) ઝીણાં સમારેલા કાંદા અર્ધો કપ (૫) પનીર ક્યુબ્સ પા કપ (૬)બાફેલા મકાઈના દાણા પા કપ (૭) બાફેલા લીલા વટાણા પા કપ (૮) લાલ મરચું પાવડર પા ચમચી (૯) લસણ બારીક સમારેલું ૧ ચમચી (૧૦) ૩-૪ લીલાં મરચાં ઝીણાં સમારેલાં (૧૧) ઓરેગેનો પાવડર અર્ધી ચમચી (૧૨) તેલ ૨ ચમચી

- ગાર્નિશ કરવા માટે ધોઈને ઝીણી સમારેલી કોથમીર ૨ ચમચી, ઝીણી સેવ અને દાડમના દાણા અર્ધો કપ

- રીત: (૧) ખાખરાના એકસરખા ચાર ટુકડા કરી લો. (૨) એક ફ્રાઈ પેનમાં તેલ ગરમ કરી તેમાં સમારેલી ડુંગળી, લસણ, લીલાં મરચાંને ૧-૨ મિનિટ ગેસની મધ્યમ આંચે સાંતળો. (૩) પછી તેમાં ટોમેટો પલ્પ ઉમેરી ૨ મિનિટ સાંતળો. (૪) પછી તેમાં સમારેલાં ટામેટાં, બાફેલા લીલા વટાણા, મકાઈના દાણા, પનીરના ટુકડા અને મરચું પાવડર તથા ઓરેગેનો પાઉડર ભેળવી મધ્યમ આંચે ૨ મિનિટ થવા દો. દરમિયાન ચમચાથી મિશ્રણને હલાવતાં રહો. (૫) ૨-૩ મિનિટ બાદ ગેસ બંધ કરી મિશ્રણને ઉતારી લો. (૬) એક પ્લેટમાં ખાખરાના ટુકડા ગોઠવી ઉપર ચમચા વડે મિશ્રણ પાથરી ઉપર કોથમીર ભભરાવીને પછી પીરસો.

● **મેથી-દૂધીના મુઠિયાં :**

- સામગ્રી: (૧) દૂધી છીણેલી ૨ કપ (૨) લીલી મેથીના પાન ૧ કપ (૩) કોથમીર ૧ કપ (૪) તીખાં લીલાં મરચાં ૨ નંગ (૫) લસણની કળી ૪-૫ (૬) આદુનો ટુકડો ૧ ઈંચ (૭) હીંગ પા ચમચી (૮) મીઠું સ્વાદ મુજબ (૯) અજમો અર્ધી ચમચી (૧૦) લાલ મરચાં પાવડર ૧ ચમચી (૧૧) ધાણાજીરુ ૨ ચમચી (૧૨) ગરમ મસાલો સ્વાદાનુસાર (૧૩) હળદર પાવડર ૨ ચપટી (૧૪) વરિયાળી ૧ ચમચી (૧૫) સફેદ તલ ૨ ચમચી (૧૬) ૧ લીંબુનો રસ (૧૭) સાકર કે ગોળ ૧ ચમચી (કે જોઈતા પ્રમાણમાં) (૧૮) ઘઉંનો લોટ પા કપ (૧૯) ઘઉંનો કરકરો લોટ પા કપ (૨૦) ચણાનો લોટ પા કપ (૨૧) જુવાર કે બાજરીનો લોટ પા કપ

- વઘાર માટે: (૧) તેલ ૧ ચમચી (૨) સફેદ તલ ૧ ચમચી (૩) રાઈ અર્ધી ચમચી (૪) મીઠા લીમડાના પાન ૬-૭ (૫) કોથમીર (ધોઈને ઝીણી સમારેલી)

વાનગી વૈવિધ્ય
તરુલતા પંચાલ



- રીત: (૧) દૂધીને છોલીને ધોઈ લીધા પછી છીણી લો. (૨) મેથીના પાન અને કોથમીરને અલગ અલગ ૨-૩ પાણીથી ધોઈ સમારી લો. (૩) એક બાઉલમાં છીણેલી દૂધી, મેથી, કોથમીર, તલ, બધાં સૂકા મસાલા, લીંબુનો રસ, સ્વાદ મુજબ મીઠું તથા હાથથી મસળેલો થોડો અજમો નાખો. (૪) પછી તેમાં બધા સૂકા લોટ મેળવી દો અને પાણી નાખ્યા વગર કણક બાંધી લો. દૂધી, મેથી ને કોથમીરમાં રહેલાં પાણી વડે લોટ બંધાઈ જશે. (૫) મુઠિયા બાફવાના વાસણમાં પાણી ગરમ કરવા મૂકો અને મુઠિયા મૂકવાની ડીશ કે થાળીમાં તેલ ચોપડી દો. હાથમાં પણ તેલ ચોપડો. મુઠિયાના લોટમાંથી નાના લૂવા લઈ લંબગોળ રોલ વાળી તેલ ચોપડેલી થાળીમાં મુઠિયા ગોઠવો. મુઠિયા બાફવાના વાસણમાં પાણી ગરમ થાય એટલે તૈયાર થાળી તેમાં ગોઠવી દો. વાસણને ઢાંકીને ૨૦ મિનિટ સુધી મુઠિયાને બફાવા દો. (૬) ત્યારબાદ ગેસ બંધ કરી મુઠિયા ઉતારી લો. (૭) પાંચેક મિનિટ બાદ મુઠિયાને તેમાંથી કાઢી તેના કટકા કરો. (૮) એક કઢાઈમાં તેલ ગરમ કરી રાઈ તતડાવો. મીઠો લીમડો વઘારી ગેસ ધીમો કરી તલનો વઘાર હળવેથી કરી તરત જ કટ કરેલા મુઠિયા તેમાં ઉમેરો. જેથી ગરમ તેલમાંના તલ ઉડે નહીં. ઉપર ઝીણી સમારેલી કોથમીર ભભરાવી દો. (૯) ગરમાગરમ મુઠિયા લીલી ચટણી કે ટોમેટો કેચઅપ સાથે પીરસો. ■

sanjogpurti@gmail.com

# વાદળિયું રિસાયું !



આકાશમાં એક નાનું-નાનું, ગોળમટોળ અને પોચું-પોચું વાદળિયું રહેતું હતું. એનું નામ હતું ભૂરૂં.

ભૂરૂં વાદળિયું બહુ રમતિયાળ હતું. એ આખો દિવસ આકાશમાં આમતેમ દોડે, પવનભાઈ સાથે સંતાકૂકડી રમે અને ક્યારેક સૂરજદાદાની આગળ આવીને છૂપાઈ પણ જાય. પણ ભૂરું ભારે રિસામણું! ઘડીકમાં રિસાઈ જાય! વારેઘડીએ નાની નાની વાતમાં રિસાઈ જતું!

એક દિવસ સવાર-સવારમાં તેને ભૂખ લાગી. એણે નીચે જમીન તરફ જોયું. નીચે ઝાડ પર સરસ મજાનાં લાલ-લાલ સફરજન લટકતાં હતાં. ભૂરાને થયું, "અરે વાહ! મને તો બહુ ભૂખ લાગી છે. આ લાલ લાલ સફરજન કેટલાં સરસ છે! લાવ, નીચે જઈને સફરજન ખાઈ જ લઉં!''

એ તો હવામાં તરતું તરતું નીચે જવા લાગ્યું. પણ રસ્તામાં પવનભાઈ આવ્યા - 'સૂસૂસૂઉં... સૂસૂસૂઉં...' પવનભાઈના જોરદાર પવનથી ભૂરૂં ઊડીને પાછું ઊંચે આકાશમાં જતું રહ્યું!

બસ એ તો ગાલ ફૂલાવીને બેસી ગયું. એનું મોઢું એકદમ બગડી ગયું અને આકાશના એક ખૂણામાં જઈને કાળું-કાળું થઈને બેસી ગયું. એણે મનમાં નક્કી કરી લીધું, 'હવે હું કોઈનીય સાથે વાત નહીં કરું અને વરસાદ બનીને નીચે પણ નહીં વરસું!'



રે વાર્તા!
મનીષ સુથાર

થોડી વાર થઈ એટલે સૂરજદાદા ચમકતા ચમકતા આવ્યા. એમણે જોયું કે ભૂરૂં તો મોઢું ચઢાવીને બેઠું છે. સૂરજદાદાએ હેતથી પૂછ્યું, ''એય ભૂરા! તું કેમ ખૂણામાં મોઢું બગાડીને બેઠો છે? ચાલ, રમવા આવ! જો તો ખરો! નીચે ખેતરમાં નાનાં-નાનાં બાળકો તારી રાહ જુએ છે!''

વાદળિયું મોઢું બીજી તરફ ફેરવીને બોલ્યું, ''ના રે ના! હું નથી આવવાનો! કોઈ મારી વાત જ ક્યાં માને છે! આ જુઓને પવનભાઈએ મને સફરજન ના ખાવા દીધું! મને ખેંચીને પાછા આકાશમાં લઈ આવ્યા. મને પહેલાં ઠંડો-ઠંડો આઈસ્ક્રીમ આપો, તો જ હું વરસીશ, નહિતર હું અહીં જ બેસી રહીશ!''

આ સાંભળીને સૂરજદાદાને બહુ હસવું આવ્યું. સૂરજદાદા કહે, ''અરે વાદળિયા! વાદળાં કંઈ આઈસ્ક્રીમ ખાતાં હશે!'' પણ વાદળિયું પોતાની વાતમાં અડગ હતું. એણે તો આંખો બંધ કરી દીધી.

હવે સૂરજદાદાએ એક યુક્તિ વિચારી. સૂરજદાદા વાદળીયાની એકદમ નજીક ગયા. એમણે પોતાના નરમ-નરમ અને ગરમ-ગરમ કિરણો બહાર કાઢ્યા. અને પછી એ કિરણો વડે વાદળિયાના પોચા-પોચા પેટ પર ગલીપચી કરવા લાગ્યા!

સૂરજદાદાએ તો ગલીપચી ચાલુ જ રાખી - 'ટીચુક... ટીચુક... ટીચુક!'

વાદળિયાથી રહેવાયું નહીં. એણે પોતાની આંખો ખોલી દીધી. એનું મોઢું હસવા માટે ખૂલી ગયું. એ તો મોટે મોટેથી હસવા લાગ્યું - ''હી-હી-હી... હાહાહા... અરે સૂરજદાદા, ઊભા રહો! મને બહુ ગલીપચી થાય છે! હી-હી-હીપ હાહાહાપ''

પણ સૂરજદાદા રોકાયા જ નહીં. વાદળિયું તો હસી-હસીને લોટપોટ થઈ ગયું. ગલીપચી એટલી બધી વધી ગઈ કે એના નાકમાં સળવળાટ થયો - ''અં... અં... અંપ''

સૂરજદાદા બોલ્યા, ''અરે! આ તને શું થાય છે?''

અને વાદળીયાએ મોટી છીંક ખાધી - 'હાકપ છીંછીંછીંપ!'

જેવી એણે છીંક ખાધી એના ફૂલેલા ગાલમાંથી સરરરર કરતી હવા નીકળી ગઈ! અને એના પેટમાં ભરેલું પાણી ટપક-ટપક કરતું નીચે ટપકવા લાગ્યું - 'ટપ... ટપ... ટપ... છમ... છમ... છમ!' જોતજોતામાં સરસ મજાનો વરસાદ શરૂ થઈ ગયો!

નીચે જમીન પર ઊભેલા મોરભાઈ ખુશ થઈને પાંખો ફેલાવી નાચવા લાગ્યા - 'ટેહૂંક... ટેહૂંકપ'

ખાબોચિયામાં બેઠેલા દેડકાભાઈ ડ્રાઉં-ડ્રાઉં કરીને કૂદવા લાગ્યા - 'ડ્રાઉં... ડ્રાઉં... વાહ! કેવો મજાનો વરસાદ!'

ભૂરૂં વાદળિયું પણ પોતાનું રિસાવવાનું ભૂલી ગયું. એ તો ખુશ થઈને આકાશમાં નાચવા કરવા લાગ્યું! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# ધોલેરા નજીક અકસ્માતમાં કાર પલટી જતા આગથી પતિની નજર સામે જ પત્ની અને માસૂમ પુત્ર જીવતા સળગ્યાં



અમદાવાદ,તા.૨૮

અમદાવાદ જિલ્લાના ધોલેરા નજીક ચાંદની હોટલ પાસે મંગળવારે સાંજે એક અત્યંત કરુણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. મૂળ ધોલેરાના ઓતરિયા ગામના અને હાલ સુરત સ્થાયી થયેલા કાકડિયા પરિવારની કાર અચાનક સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી મારી ગઈ હતી. કાર પલટતાં જ અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી અને જોતજોતામાં સમગ્ર વાહનને લપેટમાં લઈ લીધું હતું. આ ભયાનક દુર્ઘટનામાં કારમાં ફસાયેલાં અમીબેન જતીનભાઈ કાકડિયા અને તેમના એક વર્ષના માસૂમ પુત્ર ધનુષનું ઘટનાસ્થળે જ જીવતા સળગી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર જતીનભાઈ કાકડિયા અને તેમના પિતા સવજીભાઈ કાકડિયા બ્લાસ્ટ થાય તે પહેલાં બહાર નીકળી જતાં બચાવ થયો હતો. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ધોલેરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વતન ઓતરિયા પહોંચે તે પહેલાં જ સર્જાયેલી આ કાળજાળ ઘટનાથી સ્થાનિક વિસ્તાર અને પરિવારમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# ગુજરાતમાં પૂર અને અતિવૃષ્ટિને કારણે રૂા.૧૦ હજાર કરોડથી વધુનું નુકસાન



ગાંધીનગર,તા.૨૮

ચાલુ ચોમાસામાં રાજ્યભરમાં સર્જાયેલી અતિવૃષ્ટિ અને પૂરના કારણે ગુજરાતને મોટો આર્થિક ફટકો પડ્યો છે. સત્તાવાર પ્રાથમિક અંદાજ મુજબ રાજ્યમાં રૂ. ૧૦ હજાર કરોડથી પણ વધુનું નુકસાન થયું છે. વરસાદ રોકાયા બાદ રસ્તા, પુલ, વીજલાઈનો અને સરકારી મિલકતોને થયેલી ક્ષતિનો આખરી તાગ મેળવાઈ રહ્યો છે. આ નુકસાનીનો અંતિમ રિપોર્ટ તૈયાર થયા બાદ રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને વિગતવાર મેમોરેન્ડમ મોકલીને વિશેષ નાણાકીય સહાયની રજૂઆત કરશે.દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ખેતરોમાં પાણી ભરાવાથી પાક ધોવાઈ ગયો છે, જેનાથી ખેડૂતોને વ્યાપક નુકસાન વેઠવું પડ્યું છે. આ ઉપરાંત, માર્ગ અને મકાન, સિંચાઈ, પાણી અને વીજ પુરવઠા વિભાગની મિલકતો સહિત કાચા-પાકા મકાનોને ભારે ક્ષતિ પહોંચી છે. કેન્દ્રીય ટીમ પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યા બાદ સહાય મંજૂર કરશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ નવેમ્બર ૨૦૨૫માં પણ સરકારે ૩૩ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૯,૬૧૦ કરોડથી વધુની સહાય ચૂકવી હતી.

# સા.કુંડલા ખાતે આજે રોજગાર ભરતી મેળો

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આઈટીઆઈ સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલ મારફતે તા. ૨૯ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યે આઈટીઆઈ સાવરકુંડલા ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ભરતીમેળામાં **EDF International Netwroks** દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલરની જગ્યાઓ માટે આઈટીઆઈ ઈલેક્ટ્રિશિયન અથવા વાયરમેન લાયકાત ધરાવતા પુરુષ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે, જેમાં માસિક રૂ. ૨૫ હજાર પગાર આપવામાં આવશે. ઉપરાંત **Credit Access Grameen Limited** દ્વારા ટ્રેનિંગ બ્રાન્ચ મેનેજરની જગ્યાઓ માટે સ્ત્રી અને પુરુષ બંને ઉમેદવારોની ભરતી થશે. રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધાર કાર્ડ અને બાયોડેટા સાથે ભરતીમેળાના સ્થળે હાજર રહેવા જણાવાયું છે.

# સુવર્ણકાર સંઘ અમરેલી દ્વારા જ્વેલરી મશીનરી પ્રદર્શન અને વેબસાઈટ પ્રારંભ





અમરેલી,તા.૨૮

અમરેલીમાં વર્ધમાન બેન્ક્વેટ હોલ ખાતે સુવર્ણકાર સંઘ દ્વારા જ્વેલરી મશીનરી પ્રદર્શન, સંસ્થાની વેબસાઈટનો પ્રારંભ અને પોલિસ ટીમનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શહેર અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં વેપારીઓ, કારીગરો અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.પ્રદર્શનમાં ગોલ્ડ ટેસ્ટિંગ, લેઝર માર્કીંગ, વેઈંગ સ્કેલ અને કેશ કાઉન્ટિંગ જેવા મશીનોના લાઈવ પ્રદર્શન યોજાયા હતા. મશીનરી કંપનીના પ્રતિનિધિઓ રિશીભાઈ સોની, કૃષ્ણભાઈ સોની અને મહેશભાઈ પારેખે ઉપયોગિતા, ચોકસાઈ અને સમયની બચત અંગે વેપારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પૂજ્ય શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના હસ્તે સંઘની નવી વેબસાઈટ www.suvarnkar.rog નો પ્રારંભ કરાયો હતો. આ ડિજિટલ પ્લેટફોર્મ પરથી દૈનિક સોના-ચાંદીના ભાવ, વેપારી ડિરેક્ટરી, સંઘની માહિતી અને સૂચનાઓ સરળતાથી મળી રહેશે. જ્વેલર્સમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી મુદ્દામાલ પરત અપાવનાર પોલિસ અધિકારીઓ સી. પી. વાઘેલા, જે. ડી. વાઘેલા, એમ. એમ. ઝાલા, જે. બી. ત્રિવેદી, અમનભાઈ કાઝી, અંકુરભાઈ બારોટ, તુષારભાઈ પાંચાણી અને યુવરાજસિંહ રાઠોડનું સન્માન કરાયું હતું. પ્રમુખ ચંદ્રેશભાઈ ધોળકીયાએ સુરક્ષા અને ટેક્નોલોજીના મહત્વ પર ભાર મૂક્યો હતો. મંત્રી વિશાલભાઈ ચાપાનેરીએ આભાર વિધિ આટોપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સંઘના હોદ્દેદારો અને યુવા ટીમે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. સમારોહના અંતે સ્નેહભોજન યોજાયું હતું.

# ૧૮૧ અભયમની સતર્કતાથી ઘરેથી નીકળેલી કિશોરી પરિવારને સુરક્ષિત પરત સોંપાઈ



અમરેલી,તા.૨૮

અમરેલીમાં ગઈકાલે મોડી રાત્રે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને એક વ્યક્તિએ ફોન કરીને જાણ કરી હતી કે આશરે ૧૬ વર્ષની એક અજાણી કિશોરી બસ સ્ટેન્ડ પહોંચવા માટે લોકો પાસે મદદ માગી રહી છે. જાણ મળતા જ કાઉન્સેલર પૂનમ ભુવા, મહિલા GRD વનિતાબેન અને પાયલોટ હાર્દિકભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા.

શરૂઆતમાં કિશોરીએ પોતે રાજસ્થાનના જયપુરથી મિત્રો સાથે ફરવા આવી હોવાનું જણાવ્યું હતું, પરંતુ તેની વાતમાં શંકા જતાં ટીમે આધાર કાર્ડની ચકાસણી કરી હતી. તપાસમાં કિશોરી અમરેલીની જ રહેવાસી હોવાનું સામે આવ્યું. ત્યારબાદ તેણે માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતા મન દુઃખથી કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હોવાનું સ્વીકાર્યું હતું.

૧૮૧ ટીમે પરિવારનો સંપર્ક કરી કિશોરીને સુરક્ષિત રીતે માતાને સોંપી હતી. સાથે જ માતા અને કિશોરીનું કાઉન્સેલિંગ કરી ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સમજણ આપવામાં આવી હતી. પરિવારજનોએ ૧૮૧ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મહુવા તાલુકાના ગૌધામ કોટીયા ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવનું ભવ્ય આયોજન

મહુવા, તા.૨૮

મહુવા તાલુકાના કોટીયા-કુંઢડા વિસ્તારની ડુંગર ગિરિમાળા વચ્ચે આવેલા પ્રાકૃતિક ધામ ગુરુ દત્તાત્રેય આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. બ્રહ્મલીન સંત મોહનગીરીબાપુના સમાધિ સ્થાન ગૌધામ ખાતે થાણાપતિ પૂ.લહેરગીરીબાપુના પાવન સાનિધ્યમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન થયું છે. સવારે મંગળા આરતી બાદ ધ્વજપૂજન તથા ધ્વજારોહણ યોજાશે. ત્યારબાદ આશ્રમની ગૌશાળામાં ગૌમાતાનું પૂજન અને આરતી કર્યા પછી વિધિવત ગુરુપૂજન કરવામાં આવશે. બપોરે સમસ્ત ભાવિક ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# દામનગર પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનાના આરોપી સામે પાસાની દરખાસ્ત મંજૂર



અમરેલી,તા.૨૮

દામનગર પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનાના આરોપી સામે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા દામનગરના કૌશિક ઉર્ફે કવો ભરતભાઈ ગોહિલ સામે પાસાની દરખાસ્ત માન્ય રાખતા અમરેલી એલસીબી દ્વારા કૌશિકને પાલનપુર જિલ્લા જેલ ખાતે ધકેલવામાં આવ્યો છે.


## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૮૯ / ૨૦૨૬

શ્રી જ્યોત્સનાબેન ડો/ઓફ ગોરધનભાઈ રામાણી,
વા/ઓફ બટુકભાઈ બરવાળીયા
રહે. એ - ૧૨૦ ઠાકોર દ્વારા સોસા., લક્ષ્મણનગર, પુણાગામ, સુરત
.......... અરજદાર -:

**વિરૂધ્ધ :-**
જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત - વ - તલાટી કમ મંત્રીશ્રી - સલડી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ**

**જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જ્યોત્સનાબેન ગોરધનભાઈ રામાણીનો પોતાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૧ ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૮૪ / ૨૦૨૬

શ્રી શિવમ બટુકભાઈ બરવાળીયા
રહે. ૧૨૦, ઠાકોર દ્વારા સોસા., લક્ષ્મણનગર પાસે,
પુણાગામ, ચોરાસી, સુરત .......... અરજદાર

**વિરૂધ્ધ :-**
જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત - વ - તલાટી કમ મંત્રીશ્રી - સલડી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ**

**જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી શિવમ બટુકભાઈ બરવાળીયાનો પોતાનો જન્મ તા. ૦૨/૧૨/૧૯૯૮ ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૮૮ / ૨૦૨૬

શ્રી હિમતભાઈ ભીખાભાઈ રામાણી
રહે. સલડી તા. લીલીયા જિ. અમરેલી
.........અરજદાર

**-: વિરૂધ્ધ :-**
જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત - વ - તલાટી કમ મંત્રીશ્રી - સલડી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ**

**જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હિમતભાઈ ભીખાભાઈ રામાણીના પુત્રી નીતાબેન હિમતભાઈ રામાણીનો જન્મ તા. ૦૨/૦૫/૧૯૮૪ ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો. .

આજ રોજ તા. ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## CHANGE OF NAME

I Undersign I DINESHKUMAR RAMNIKBHAI GONDALIYA (old) have changed my name from DINESHKUMAR RAMNIKBHAI GONDALIYA To DINESHBHAI RAMNIKBHAI GONDALIYA (New) Now i will be known as DINESHBHAI RAMNIKBHAI GONDALIYA(new)
Sing : DINESHBHAI RAMNIKBHAI GONDALIYA
Address: OM NAGAR-2, JESHINGPARA, Opp. SARSWATI SCHOOL- AMRELI

## CHANGE OF NAME

I Undersign I BHAVANABEN DINESH KUMAR GONDALIYA(old) have changed my name from BHAVANABEN DINESH KUMAR GONDALIYA To BHAVANABEN DIENSH BHAI GONDALIYA (New) Now i will be known as BHAVANABEN DINESHBHAI GONDALIYA (new)
Sing : BHAVANABEN DINESHBHAI GONDALIYA
Address: OM NAGAR-2, JESHINGPARA, Opp. SARSWATI SCHOOL- AMRELI

## નામ બદલાવેલ છે

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ ભાવનાબેન દિનેશકુમાર ગોંડલીયા હતું જે તેમાંથી બદલાવી નવું નામ ભાવનાબેન દિનેશભાઈ ગોંડલીયા રાખેલ છે. હવેથી હું ભાવનાબેન દિનેશભાઈ ગોંડલીયા નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.
સરનામુ : - ઓમનગર-૨, જેશીંગપરા, સરસ્વતી સ્કૂલ સામે, અમરેલી

## નામ બદલાવેલ છે

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ દિનેશકુમાર રમણીકભાઈ ગોંડલીયા હતું જે તેમાંથી બદલાવી નવું નામ દિનેશભાઈ રમણીકભાઈ ગોંડલીયા રાખેલ છે. હવેથી હું દિનેશભાઈ રમણીકભાઈ ગોંડલીયા નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.
સરનામુ : - ઓમનગર-૨, જેશીંગપરા, સરસ્વતી સ્કૂલ સામે, અમરેલી

## CHANGE OF NAME

I Undersign I KADAKA FATEMABEN KUTUBDIN have changed my name from VORA FATEMA HATIMBHAI (Before marriage) To KADAKA FATEMABEN KUTUBDIN(After marriage) Now i will be known as KADAKA FATEMABEN KUTUBDIN
Sing : KADAKA FATEMABEN KUTUBDIN
BHATNA KUVA PASE, NANI BAJAR, AT-LATHI,DIST-AMRELI-365430

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા //-

અરજી નં.67/2026
જન્મ તારીખ : 01/06/1990

ફુલુબેન કેશુભાઈ વાળા,
રહે.પડાપાદર, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર**, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ફુલુબેન કેશુભાઈ વાળા, રહે.પડાપાદર, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર **કનકસિંહ કેશુભાઈ વાળાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૯૦**ના રોજ ગીરગઢડા તાલુકાના **પડાપાદર** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન વાંધ જવાબ રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૩/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા //-

અરજી નં.68/2026
જન્મ તારીખ : 01/06/1992

ફુલુબેન કેશુભાઈ વાળા,
રહે.પડાપાદર, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર**, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ફુલુબેન કેશુભાઈ વાળા, રહે.પડાપાદર, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર **દિપસિંહ કેશુભાઈ વાળાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૯૨**ના રોજ ગીરગઢડા તાલુકાના **પડાપાદર** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન વાંધ જવાબ રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૩/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

## અમરેલી જિલ્લામાં 'ભગવાન' પણ અસુરક્ષિત, પોલીસ કામગીરીને લઈને સવાલો

# લીલીયાના દાદાવાડી હનુમાનજી મંદિરમાંથી રૂ.૧.૨૦ લાખના ચાંદીના દાગીનાની ચોરી

લીલીયા,તા.૨૮



લીલીયા શહેર નજીક આવેલું અતિ પૌરાણિક દાદાવાડી હનુમાનજી મંદિર ગત રાત્રે ચોરોના નિશાને ચડતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા તસ્કરોએ મંદિરની દિવાલ ટપી અંદર પ્રવેશ કર્યો હતો અને મંદિરનો દરવાજો ખોલી હનુમાનજીની પ્રતિમા પર ચઢાવેલા ચાંદીના આભૂષણોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. તસ્કરો અંદાજે ૭૫૦ ગ્રામનો ચાંદીનો મુગટ, ૭૫૦ ગ્રામનું ચાંદીનું છતર તેમજ ૨૦૦ ગ્રામના ચાંદીના નાના છતર મળી કુલ આશરે રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ ચોરી લઈ ગયા હોવાનું સામે આવ્યું છે. સવારે ઘટનાની જાણ થતાં મંદિરનું સંચાલન કરતા જયંતીભાઈ બુહાએ લીલીયા પોલીસને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતાં ડીવાયએસપી વિરલ ચંદન, પીઆઈ એમ.ડી. સાળુકે, સંજયભાઈ ઇટાલીયા, ગૌતમભાઈ ખુમાણ સહિત પોલીસ કાફલો સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસે આસપાસના વિસ્તારની તપાસ અને પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી છે.અત્રે નોંધનીય છે કે છેલ્લાં ઘણા સમયથી અમરેલી જિલ્લામાં તસ્કરો મંદિરોને નિશાન બનાવતા હોવાથી પોલીસ કામગીરી પર પણ સવાલો ઉભા થયા છે.

### જિલ્લામાં મંદિરો અસલામત

અમરેલી જિલ્લામાં છેલ્લાં એક અઠવાડીયામાં ત્રણ સ્થળોએ મંદિરમાં ચોરીની ઘટના સામે આવી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની નબળી કામગીરીને કારણે મંદિરો અસલામત બન્યા છે. પોલીસ પેટ્રોલીંગના અભાવે ગ્રામ્ય વિસ્તારોમાં મંદિરોમાં તસ્કરો હાથ સાફ કરી પોલીસને પડકાર ફેંકી રહ્યાં છે.

# રાજકુમાર જાટ શા માટે નગ્ન અવસ્થામાં ફરતો હતો? હાઈકોર્ટે આપ્યા તપાસના આદેશ

અમદાવાદ,તા.૨૮

ગોંડલના બહુચર્ચિત રાજકુમાર જાટ આકસ્મિક મોતના કેસમાં હાઈકોર્ટે મહત્વનો આદેશ કર્યો છે. મોત પહેલા રાજકુમાર જાટ રાજકોટ-અમદાવાદ હાઈવે નગ્ન અવસ્થામાં નજરે પડ્યાના CCTV મળી આવ્યા હોય કોર્ટે તેની તપાસનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું હતું કે, મૃતક કયા સંજોગોમાં નગ્ન



હાલતમાં ફરતો હતો તે પ્રશ્ન છે. CCTV મુદ્દે તપાસનો રીપોર્ટ સાયલન્ટ છે. રાજકુમાર જાટનું આકસ્મિક મોત થયાનો ગુનો રાજકોટના કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. જો કે, તેના પરિવારજનો આ બનાવ અકસ્માતનો નહીં પણ હત્યાનો હોવાનું માની રહ્યો છે. પરિવારનો આક્ષેપ છે કે,આ હત્યામાં પૂર્વ MLA જયરાજસિંહ અને તેનો પુત્ર ગણેશ ગોંડલ સામેલ છે. પરંતુ સ્થાનિક પોલીસ તેને બચાવી રહી છે. પરિવારે આ કેસની તપાસ CBIને સોંપવાની માગ કરી છે.

# સુરતમાં શાળાના ધાબા પર વીજકરંટ લાગતાં ધોરણ-૯ના વિદ્યાર્થીનું કરુણ મોત

સુરત,તા.૨૮

સુરતના માનદરવાજા વિસ્તારમાં આવેલી સુમન શાળા નંબર ૧૬માં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. ધોરણ-૯માં અભ્યાસ કરતો અબ્દુલ રહેમાન નામનો વિદ્યાર્થી સવારે પીટીના પિરિયડ દરમિયાન શાળાના ધાબા પર ગયો હતો. ધાબા પરથી પરત ફરતી વખતે તેણે લોખંડનો લાઈટનો થાંભલો પકડતાં તેને સખત વીજકરંટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં વિદ્યાર્થીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. પરિવારજનો અને સ્થાનિકોએ શાળા તંત્રની બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કરીને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

# રાજયમાં જમીન ફાળવણી પ્રક્રિયા સરળ, કલેક્ટર અને DDOની સત્તામાં કરાયો વધારો

ગાંધીનગર,તા.૨૮




રાજ્યમાં ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગ આપવા રાજ્ય સરકારે સરકારી જમીનની ફાળવણી પ્રક્રિયાને વધુ સરળ અને ઝડપી બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની નાણાકીય સત્તામર્યાદામાં વધારો કરવામાં આવતા અનેક પ્રકારની જમીન ફાળવણીના નિર્ણયો જિલ્લા કક્ષાએ જ લેવામાં આવશે. આથી અરજદારો અને સંસ્થાઓને ગાંધીનગર સુધી વારંવાર જવાની જરૂર રહેશે નહીં. સરકારના નિર્ણયથી ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જાહેર અને સામાજિક હેતુઓના વિકાસ કાર્યોને ઝડપ મળશે. સ્થાનિક કક્ષાએ જમીન સંબંધિત માહિતી ઉપલબ્ધ હોવાથી નિર્ણય પ્રક્રિયા પણ વધુ ઝડપી બનશે. રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશન અને કેન્દ્ર સરકારના વિભાગોને જમીન ફાળવણીના કિસ્સામાં ૯૦ દિવસમાં રકમ ભરપાઈ ન થાય તો જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની મુદત દરમિયાન સમયવધારો આપવાની સત્તા પણ કલેક્ટરને આપવામાં આવી છે. આથી વહીવટી પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનશે.

# રાજયમાં બિસ્માર રસ્તા સહિતના મુદ્દે હાઈકોર્ટની સરકારને કડક ટકોર

અમદાવાદ,તા.૨૮

રાજ્યમાં બિસ્માર રસ્તા, વધતી ટ્રાફિક સમસ્યા અને ધ્વનિ પ્રદૂષણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન ખંડપીઠે સરકાર સામે ગંભીર વલણ અપનાવ્યું હતું. કોર્ટે ટ્રાફિક અને પાર્કિંગની સુધારેલી નીતિ ત્રણ અઠવાડિયામાં રજૂ કરવા જણાવ્યું છે, જ્યારે ધ્વનિ પ્રદૂષણ અંગે ૧૮ ઓગસ્ટ સુધીમાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવાનો આદેશ કર્યો છે. સુનાવણી દરમિયાન ફૂટપાથ પર વધતા દબાણો અને કારગિલ જંક્શન સહિતના વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા પણ રજૂ કરવામાં આવી હતી. અરજદાર તરફથી જણાવાયું કે કોર્ટના અગાઉના આદેશો છતાં ફૂટપાથ અને ધ્વનિ પ્રદૂષણના મુદ્દે અસરકારક કાર્યવાહી થઈ નથી. મોડી રાત સુધી ડી.જે. અને લાઉડસ્પીકરના અવાજથી લોકો પરેશાન હોવા છતાં અમલવારીમાં બેદરકારી રહેતી હોવાનું પણ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યું હતું.

# સુરતના નક્ષત્ર સેફ હાઉસમાં ર.૬૭ કરોડના દાગીનાની ચોરી, ચાર આરોપીની ધરપકડ


સુરત,તા.૨૮



સુરતના સિંગણપોર વિસ્તારમાં આવેલા નક્ષત્ર સેફ હાઉસમાંથી ગ્રાહકોના અંદાજે ૨.૬૭ કરોડ રૂપિયાના ૨૦૬ તોલા સોનાના દાગીના ચોરી થયાની ઘટના સામે આવતા શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઘટનાના સમાચાર ફેલાતા સિંગણપોર ઉપરાંત વરાછાની અન્ય શાખાઓમાં પણ પોતાના લોકરમાં રાખેલા દાગીના અને રોકડ સુરક્ષિત છે કે નહીં તે તપાસવા માટે મોટી સંખ્યામાં ગ્રાહકો પહોંચ્યા હતા. જેના કારણે શાખાઓ બહાર લાંબી કતારો જોવા મળી હતી. સમગ્ર મામલે પોલીસે સંચાલક મહેશ દિયોરા, તેના પુત્રો હર્ષ દિયોરા અને હરીકૃષ્ણ દિયોરા તેમજ લોકર બ્રેકર મણીલાલની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે શેરબજારમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે પિતા-પુત્રોએ પૂર્વઆયોજિત કાવતરું રચી લોકરમાંથી છેલ્લા એક વર્ષ દરમિયાન જરૂરિયાત મુજબ દાગીના કાઢવાનું શરૂ કર્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ શહેરમાં વ્યાજખોરોના ત્રાસથી પુત્ર સાથે દંપતીનો સામૂહિક આપઘાત

રાજકોટ,તા.૨૮



રાજકોટ શહેરના સાધુવાસવાણી રોડ પર આવેલા અજંતા પાર્ક વિસ્તારમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યાની ઘટનાએ શહેરમાં શોકનો માહોલ સર્જ્યો છે. દિલીપભાઈ નટવરભાઈ ખખ્ખર, તેમની પત્ની સ્મિતાબેન અને પુત્ર નિશિતે સેલફોસની ઝેરી ગોળીઓ ખાધા બાદ તેમની તબિયત લથડતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન પ્રથમ સ્મિતાબેનનું મોત થયું હતું, જ્યારે બાદમાં પિતા અને પુત્રનું પણ સારવાર દરમિયાન અવસાન થયું હતું. ઘટનાની જાણ નિશિતના મિત્ર દ્વારા પરિવારજનોને થતાં સમગ્ર બનાવ સામે આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણ કારણ હોઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, મૃતક પિતા અને પુત્રની કોલ ડિટેઈલ મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વ્યાજખોરો અથવા અન્ય કોઈના ત્રાસની શક્યતા સહિત તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# રાજકોટ શહેરમાં મિત્રની બહેન સાથેના સંબંધની શંકાએ ૨૩ વર્ષીય યુવકની હત્યા

રાજકોટ,તા.૨૮



રાજકોટના રૂખડીયા ફાટક વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય યુવક ઉમંગ જાખેલિયાની હત્યા થતાં ચકચાર મચી ગઈ છે. ઉમંગને તેનો મિત્ર નાઝીર ઉર્ફે ઘેટી અને તેના સાગરીતો ચા પીવાના બહાને ઘરેથી એક્ટિવા પર લઈ ગયા હતા. બાદમાં તેને ગંભીર માર મારીને બેભાન હાલતમાં ઘર પાસે છોડી ફરાર થઈ ગયા હતા. સારવાર દરમિયાન ઉમંગનું મોત નીપજ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઉમંગ મુખ્ય આરોપી નાઝીરની બહેન સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં હતો. આ મનદુઃખ રાખીને નાઝીરે આ હુમલો કરાવ્યો હતો. પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી મુખ્ય આરોપી નાઝીર, આસિફ અને સુજલની ધરપકડ કરી છે, જ્યારે એક સગીરને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના બિલ્ડર નિલય પટેલની મુંબઈમાં ધરપકડ, બળાત્કારનો ગુનો નોંધાયો

દિલ્હી,તા.૨૮




દિલ્હીની યુવતીની ફરિયાદ આધારે મુંબઈ પોલીસે કાર્યવાહી કરી ૨૯ જુલાઈ સુધી રિમાન્ડ મેળવ્યા. અમદાવાદના બિલ્ડર નિલય પટેલની મુંબઈની ફાઈવસ્ટાર હોટલમાં દિલ્હીની યુવતી સાથે અડપલાં અને બળાત્કાર કરવાના આરોપસર મુંબઈ પોલીસે ધરપકડ કરી છે. યુવતીની ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ કેસ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. કોર્ટે આરોપીને ૨૯ જુલાઈ સુધી પોલીસ રિમાન્ડ પર સોંપ્યો છે, જ્યારે પોલીસ સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા એકત્ર કરી તપાસ ચલાવી રહી છે.

# ધોલેરા નજીક કાર પલ્ટી ખાઈ સળગી જતા માતા-પુત્ર ભડથુ

### અકસ્માત બાદ કારમાં આગ ભભૂકી, પિતા અને પુત્ર ગંભીર ઇજાગ્રસ્ત

ધોલેરા,તા.૨૮



ધોલેરા પંથકમાં ચાંદની હોટલ નજીક મંગળવારે સાંજે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ધોલેરા તાલુકાના ઓતરિયા ગામના અને હાલ સુરત રહેતા પરિવારની કાર અકસ્માત બાદ પલ્ટી મારી ગઈ હતી. ત્યારબાદ કારમાં અચાનક આગ લાગી હતી અને થોડી જ વારમાં આખી કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી.

આ દુર્ઘટનામાં કારમાં સવાર યુવકની પત્ની અને એક વર્ષના પુત્રનું જીવતા સળગી જવાથી ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે યુવક અને તેના પિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક ધોલેરા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ બંનેની સારવાર ચાલી રહી છે.

# રાજકોટમાં ગ્રીન કોરિડોર યોજના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રદ

રાજકોટ,તા.૨૮

રાજકોટ શહેર માટે મહત્વપૂર્ણ ગણાતી કટારિયા ચોકડીથી વગડ ચોક સુધીની ૯ કિલોમીટરની ગ્રીન કોરિડોર યોજના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રદ કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટ માટે મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવેલી ૨૨૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાનો પણ મંત્રાલયે ઈનકાર કરી દીધો છે. તપાસ દરમિયાન સામે આવ્યું કે જે રિંગ રોડ પર આ ગ્રીન કોરિડોર બનાવવાનો હતો, તે બીજા રિંગ રોડના કામ માટે પહેલેથી જ ગ્રાન્ટ અપાઈ ચૂકી છે. એક જ ચાલુ પ્રોજેક્ટમાં બાદમાં નવી યોજના ઉમેરીને ગ્રાન્ટ આપી શકાય નહીં તેમ જણાવી સરકારે દરખાસ્ત ફગાવી દીધી છે. મનપાની આ વહીવટી ભૂલને કારણે કરોડોની ગ્રાન્ટ ગુમાવવી પડી છે, જેથી હવે અન્ય યોજનાઓ હેઠળ વૈકલ્પિક વ્યવસ્થા શોધવાના પ્રયાસો શરૂ કરાયા છે.

# રાજકોટમાં ૫ ઓગસ્ટથી જીએસટી ટ્રિબ્યુનલ શરૂ થશે, હવે હાઈકોર્ટ સુધી જવું નહીં પડે

રાજકોટ,તા.૨૮



### કરદાતાઓ ઈ-ફાઈલિંગ પોર્ટલ દ્વારા ઓનલાઈન અરજી કરી શકશે

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વેપારીઓ અને ઉદ્યોગકારો માટે મોટા સમાચાર આવ્યા છે. આગામી ૫ ઓગસ્ટથી રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા આર.કે. આઈકોનિક ખાતે જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) બેંચનો સત્તાવાર પ્રારંભ થઈ રહ્યો છે. આ ટ્રિબ્યુનલ શરૂ થતાં હવે કરદાતાઓને જીએસટી સંબંધિત વિવાદો અને અપીલો માટે હાઈકોર્ટ સુધી જવું નહીં પડે.

આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર ઓમપ્રકાશ તિવારીના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં અહીં ૧૦૧૧ અરજીઓ નોંધાઈ ચૂકી છે. કરદાતાઓ ઈ-ફાઈલિંગ પોર્ટલ દ્વારા ઓનલાઈન અરજી કરી શકશે. જીએસટી વિભાગના નિર્ણયોથી અસંતુષ્ટ વેપારીઓ માટે આ એક વિશેષ મંચ બનશે, જેનાથી સમય અને ખર્ચ બંનેની બચત થશે અને લાંબા સમયથી અટવાયેલા કેસોનો ઝડપી નિકાલ આવશે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com